જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૦૧-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સીબીઆઈનો દાવો, દસ્તાવેજો કબ્જે કર્યા

ઓગસ્ટા વેસ્ટલેન્ડ: ભારતીયોને લાંચ માટે ૪૩૨ કરોડ આપ્યા હતા

કંપનીએ કુલ ૫૮ મિલિયન પાઉન્ડ આપ્યા હતા, જેમાંથી ૫૪ મિલિયન પાઉન્ડની રકમ ભારતીયોને આપવાની હતી

ન્યુ દિલ્હી

અગસ્ટા વેસ્ટલેન્ડમાં મોટી સફળતા મેળવતા સીબીઆઈ એ ભારતીયો સુધી પહોંચવાની તૈયારીમાં છે, જેમણે આ ડીલમાં લાંચ લીધી છે. સીબીઆઈનો દાવો છે કે તેમણે એ દસ્તાવેજોને કબ્જે કર્યા છે, જેનાથી આ તથ્ય ઉભુ થાય છે કે અગસ્ટા વેસ્ટલેન્ડે ક્રશ્ચિયન મિશેલ અને ગુઈડો હાશ્કેને ૫૪ મિલિયન પાઉન્ડ એટલે કે ૪૩૧ કરોડ રૂપિયાની રકમ ભારતમાં પેમેન્ટ માટે આપી હતી. કંપનીએ કુલ ૫૮ મિલિયન પાઉન્ડ આપ્યા હતા, જેમાંથી ૫૪ મિલિયન પાઉન્ડની રકમ ભારતીયોને આપવાની હતી. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે મિશેલ અને હાસ્કેએ ૮ મે, ૨૦૧૧નાં દુબઈમાં જે એગ્રીમેન્ટ તૈયાર કર્યું હતુ તેમાંથી ૫૮ મિલિયન પાઉન્ડની રકમનો ઉલ્લેખ હતો. એક તરફ મિશેલ અને તેની ટીમ હતી અને બીજી તરફ હાશ્કે, કાર્લો ગેરોસા અને ત્યાગી બ્રધર્સ હતા. આ પહેલા બંને તરફ વચેટિયાઓ વચ્ચે વિવાદ હતો. આનું કારણ એ હતુ કે હાશ્કે એ વાતથી ખુશ નહોતો કે મિશેલે ૪૨ મિલિયન પાઉન્ડની રકમ પોતાની જોડે રાખી લીધી છે, જ્યારે તેને ૩૦ મિલિયન જ મળી હતી. આખરે એ વાત પર કરાર થયો કે મિશેલને ૩૦ મિલિયન પાઉન્ડ મળશે, જ્યારે હાશ્કે અને અન્યની વચ્ચે ૨૮ મિલિયન પાઉન્ડની રકમ વહેંચવામાં આવશે. સીબીઆઈનાં જણાવ્યા પ્રમાણે વાયુસેનાનાં પૂર્વ ચીફ એસપી ત્યાગી અને તેમના પરિવારનાં સંદીપ, સંજીવ અને રાજીવને ૧૦.૫ મિલિયન પાઉન્ડ આપવાનાં હતા, જેમાંથી ૩ મિલિયન પાઉન્ડની રકમ તેમને આપવામાં આવી હતી.

મોદી સરકારે અગસ્તા વેસ્ટલેન્ડને બ્લેક લિસ્ટમાંથી હટાવી દીધુ હતુ:કોંગ્રેસ

વીવીઆઈપી હેલિકોપ્ટર અગસ્તા વેસ્ટલેન્ડની ડીલને લઈને થનાર સતત ખુલાસા અંગે દેશની રાજનીતી ગરમાઈ છે. બીજેપી અને કોંગ્રેસ વચ્ચે આ મુદ્દે આરોપ અને પ્રત્યારોપની રમત સતત ચાલુ છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ મોદી સરકાર પર આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસનું કોંગ્રેસનું કહેવું હતું કે મોદી સરકારે અગસ્તા વેસ્ટલેન્ડને બ્લેક લિસ્ટમાંથી હટાવી દીધું હતું જો કે ભાજપે કોંગ્રેસના આ દાવાને નકારી કાઢ્યો હતો.

ભારતીય જનતા પાર્ટી તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, કોંગ્રેસનો આ આરોપ ખોટો છે. મોદી સરકારે અગસ્તા વેસ્ટલેન્ડને વ્હાઈટ લિસ્ટમાં નથી મુક્યું. હાલ પણ રક્ષામંત્રાલયની સાથે આ કંપની ડીલ નહી કરી શકે. બીજેપી તરફથી કેટલાક દસ્તાવેજ પણ જાહેર કરવામાં આવ્યા હતા.

ભારતમાં ઘૂસણખોરી કરતા પાકિસ્તાન બેટના બે સૈનિક ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના નૌગામ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ભારતીય સેનાને એક મોટી સફળતા હાથ લાગી છે. સેનાએ પાકિસ્તાની સેનાનો પોષાક પહેરેલા ઘુસણખોરોને ઠાર કર્યા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, આ ઘુસણખોરો પોતાની બર્બરતા માટે બદનામ પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમ (BAT)ના સભ્યો હતા અને ભારતીય સેના વિરુદ્ધ મોટું ષડયંત્ર રચવાની તૈયારીઓમાં જ હતા. ભારતીય સેનાના જડબાતોડ જવાબમાં બે પાકિસ્તાની સૈનિકો ઠાર થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની ઘુસણખોરો નિયંત્રણ રેખા પાસે આવેલા ઘનઘોર જંગલો અને પહાડી વિસ્તારોમાંથી ભારતીય સીમામાં પ્રવેશ કરી રહ્યા હતા અને તે જ સમયે પાકિસ્તાન તરફથી ભારે ગોળીબાર થયો. આ ઘુસણખરો જ્યારે ભારતીય સીમામાં પ્રવેશ કરતા હતા તે સમયે પાકિસ્તાની સેના દ્વારા જબરજસ્ત ગોળીબાર અને ભારે હથિયારો દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો હતો જેથી ભારતીય સેનાનું ધ્યાન ઘુસણખોરી કરનારા પાકિસ્તાની ઘુસણખોરો તરફ ન જાય.



ગુડબાય 2018 : વેલકમ 2019ની ભવ્ય આતશબાજી સાથે શરૂઆત

સૌપ્રથમ ઓકલન્ડે કર્યું ધમાકેદાર નવા વર્ષનું સ્વાગત તો સિડનીમાં પણ જોવા મળ્યો ભવ્ય નજારો



મુંબઈ

૨૦૧૯ના સ્વાગત માટે અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત આખા વિશ્વમાં તૈયારીઓ પૂર્ણ થઈ હતી. ભારતીય સમય અનુસાર, સાંજે ૪.૩૦ વાગ્યે ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં (લોકલ ટાઈમ ૧૨ વાગ્યે) ન્યૂયરનું સેલિબ્રેશન શરૂ થયુ હતુ. આ પ્રસંગે પારંપરિક અંદાજમાં શાનદાર આતશબાજી કરવામાં આવી હતી. ન્યૂઝીલેન્ડનો સમય ભારતથી ૭.૩૦ કલાક આગળ છે આ માટે દર વખતે સૌથી પહેલાં નવા વર્ષનું સેલિબ્રેશન અહીં જ થાય છે.

વિશ્વમાં સૌથી પહેલા વર્ષ ૨૦૧૯ની શરૂઆત ન્યૂઝીલેન્ડમાં થઈ ગઈ છે. મહત્વનું છે કે, વિશ્વમાં નવા વર્ષનું સૌપ્રથમ આગમન ઓકલેન્ડમાં થયું છે ત્યારે દેશમાં પણ લોકો નવા વર્ષને આવકારવા માટે થનથની રહ્યા છે. કેટલાક લોકોએ નવા વર્ષને મન ભરી માણવા માટે આગોતરા આયોજનો પણ કર્યા છે. નવા વર્ષને લઈને લોકોમાં અનોખો ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે. ભારતમાં પણ બરાબર ૧૨ કલાકના ટકોરે નવા વર્ષને માણવા માટે લોકો અત્યારથી જ હિલોળે ચઢ્યા છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

Parag SAREES & DRESS MATERIALS

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330
3 સાડી અલબ્રેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જરૂરિયાત વસ્તુઓની ખરીદીઓની સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ સભ્યફીમાંથી ચુકવવા જશો, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મોબાઈલ આવતા કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ કે વર્ષ માટે ૩૦૦૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ ફ્રીજ કે વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હંમેશ કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	100/-	1st	750/-
2nd	70/-	2nd	500/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
Total	290/-	Total	1850/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ગુજરાતનું ઘરેણું ગીતા રબારીએ ક્યાં લેવલે સ્થાન મેળવ્યું અહીં જાણો....



ભુજ કચ્છ: લોક સંગીત ક્ષેત્રે ગુજરાતનું ઘરેણું ગીતા રબારીનું ખુબ લોકપ્રિય ગીત ×રોણા શહેરમાં રે...× ઈન્ટરનેટની આ દુનિયામાં યુ - ટયુબ ચેનલ પર ૨૦ મહિના પહેલાં આ ગીત રીલીઝ થયું હતું.હાલના સંજોગો ગુજરાતી ફિલ્મો અને ગુજરાતી ગીતોના આલ્બમ સમગ્ર વિશ્વભરમાં ધૂમ મચાવી છે ત્યારે ગુજરાતની આ ગીતા રબારીના આ ગીતને દેશ-વિદેશમાં ખુબ જ લોકચાહના મેળવનાર આ ગીતને ૨૦ કરોડથી પણ વધારે વ્યું મળતા ×મેકસીમમ વ્યુનો ગુજરાતી ફોલ્ક સોંગ ઓન યુ-ટયુબ× વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયામાં સ્થાન પ્રાપ્ત કરતાં ભુજ મધ્યે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયાના પ્રતિનિધિ મિલન સોનીના વરદ હસ્તે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયાના ગોલ્ડ સર્ટીફીકેટ્સ તથા મેડલ એનાયત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે માજી નગરપતિ શંકરભાઈ સચદે,એન.આર.આઈ. ફેસ્ટીવલ કાઉન્સિલના ચેરમેન હસુભાઈ ઠક્કર,એસ.વી. ઈન્ટરનેશનલ પ્રોડકશનના ચેરમેન વિનોદ ગોરસીયા,ફાઉન્ડર મનસુખ ગોરસીયા,ભુજ તાલુકા પંચાયતના માજી ચેરમેન જેમલભાઈ રબારી,સદસ્ય વિનાભાઈ વરસાણી,પૃથ્વીભાઈ રબારી તથા મહેશભાઈ રબારી ઉપસ્થિત રહયા હતા.

આ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ અંકિત થતાં ગીતા રબારીએ જણાવ્યું હતું કે, થોડા દિવસ પહેલાં એન.આર.આઈ. ફેસ્ટીવલ કાઉન્સિલે મારું સન્માન કર્યું હતું તે અરસામાં શંકરભાઈ સચદે , હસુભાઈ ઠકકર,જેમલભાઈ રબારી તથા વિનોદ ગોરસીયાએ ગુજરાતની આ માલધારી દીકરીને કઈ રીતે વર્લ્ડ લેવલે વધારે પ્રસિધ્ધિ કેમ મળે?તે માટે અનેક વર્લ્ડ લેવલના રેકોર્ડઝ ધરાવતા તેમજ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયાના જજીસ મિલન સોની સાથે આ બાબતે સતત સંપર્કમાં રહી વર્લ્ડ રેકોર્ડ અંગેના તમામ ડોકયુમેન્ટ્સ મિલન સોનીને સુપરત કર્યા હતા. અને આ યશસ્વી સિધ્ધિ ગુજરાતની દિકરીને કઈ રીતે વેળાસર સફળતા મળે તે રીતના પ્રયત્નો કરી સતત આ અંગે મહાનુભાવો સાથે પરામર્શ કરીને આખરે આ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયા એનાયત કરવામાં આવ્યુ છે.

આ સન્માનના પ્રત્યુતરમાં ગીતા રબારીએ જણાવ્યું હતું કે, ×જીવનનું કોઈપણ લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે મનોબળ તેમજ ઈશ્વરની કૃપા હોય તો જ આ વસ્તુ શકય છે.×

જયાં સુધી વર્લ્ડ રેકોર્ડસની વાત કરીએ તો ગુજરાત કે અન્ય કોઈ પ્રાંતના કોઈ પણ વ્યકિત વર્લ્ડ લેવલ અંગે એવી કોઈ પ્રતિભા ધરાવતા હશે તો તેમને સંપૂર્ણ સાથ સહકાર આપવાની તેમજ વર્લ્ડ રેકોર્ડ સુધી પહોંચાડવાની મદદ કરવાની તૈયારી વર્લ્ડ રેકોર્ડ ઈનડીયાના જજીસ મિલન ભાઈ સોની,એન.આર.આઈ. ફેસ્ટિવલ કાઉન્સિલના ચેરમેન હસુભાઈ ઠક્કર તથા એસ.વી. ઈન્ટરનેશનલ પ્રોડકશનના ચેરમેન વિનોદ ગોરસીયાએ બતાવી હતી.

આ વર્લ્ડ રેકોર્ડના સમાચાર મળતાં રાજય કક્ષાના મંત્રી વાસણભાઈ આહીર,સાંસદ વિનોદભાઈ ચાવડા તથા ગુજરાત રબારી સમાજના અગ્રણીઓ અરજણભાઈ રબારી તથા હિરાભાઈ રબારી વિગેરે મહાનુભાવોએ શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમનું સંચાલન એન.આર. આઈ. ગ્રૂપના વિનોદ પિંડોલિયાએ કર્યુ હતું.

સારાં કર્મો થકી ઉન્નત સમાજનું નિર્માણ થાય છે: રાજયમંત્રી વાસણભાઈ આહિર

ભચાઉ નવજીવન વિકલાંગ સેવાશ્રય આયોજિત વાર્ષિક ઉત્સવ,ભૂમિપૂજન : વિકાસકામોના લોકાર્પણ પ્રસંગે રાજયમંત્રી વાસણભાઈ આહિરનું સંબોધન

ભુજ, પીડ પરાઇ જાણનારાઓના સારાં કર્મો થકી ઉન્નત સમાજનું નિર્માણ થાય છે, આ માટે દાતાઓને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછા છે, તેમ ભચાઉ ખાતે નવજીવન વિકલાંગ સેવાશ્રય આયોજિત વાર્ષિક ઉત્સવ, ભૂમિપૂજન અને વિકાસકામોના લોકાર્પણના ત્રિવેણીસંગમ રૂપી કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોનાકલ્યાણ રાજયમંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજયમંત્રી વાસણભાઈ આહિરના હસ્તે કાર્યક્રમનો દીપ પ્રગટાવી ખુલ્લો મૂકાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પુના સ્થિત દાતા ખીમજીભાઈ ખેરાજભાઈ ગાલા રહ્યા હતા.

કાર્યક્રમના ઉદ્ઘાટા એવા રાજયમંત્રી વાસણભાઈ આહિરે આ પ્રસંગે વધુમાં જણાવ્યું હહતું કે, વિશ્વભરમાં વસતો કચ્છી પોતાના કામકાજ, રોજી-રોટી કે પોતાના ધંધાર્થે દુનિયાના કોઈપણ ખૂણે વસતો હોય પરંતુ કચ્છ વતનને કયારે ભૂલતો નથી તેમાંયે જયારે વતનમાં વિકલાંગોની સેવાનું રૂડું કાર્ય થતું હોય ત્યારે ઉત્સાહભેર સેવાકાર્ય કરવા દોડી આવતા વતનના હામી વડીલો, દાતાઓ, શ્રેષ્ઠીઓને તેમણે વધાવી લેતા અહોભાવ પ્રગટ કરી ગૌરવભેર વંદન કરી રાજય સરકાર વતી અભિનંદન આપ્યાં હતા.

પદ,પ્રતિષ્ઠા અને પૈસો એ કોઈ દિવસ કાયમ નથી હોતો તેમ જણાવી સમાજના વિકલાંગ દીકરા-દીકરીનાં સર્વાંગી વિકાસ માટે તેઓને ભણાવી-ગણાવી પગભર બનાવી તેમના આંસુ લૂછવા સમાન શ્રેષ્ઠ કોઈ કાર્ય નથી તેમ જણાવી તેમણે સમાજના દાતાઓ, શ્રેષ્ઠીઓ, સંસ્થાના સેવાશ્રયીઓની પીઠ થાબડી હતી.

વિકલાંગોને સમાજ તમારી ભેગો છે, એવો દ્રઢ વિશ્વાસ અપાવીને તેઓને પગભર કરવા જેવું ઉત્તમ કાર્ય અહી કરાઇ રહયું છે, ત્યારે તેઓની દુવા થકી અનેક પેઢીઓ તરી જતી હોય છે, તેમ વધુમાં જણાવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજય સરકાર પણ વિકલાંગો, દીકરીઓની સતત ચિંતા કરે છે. તેમ જણાવી તેમણે સમાજના દાતાઓ, શ્રેષ્ઠીઓ લાખો-કરોડોના દાન આપી સમાજના વિકલાંગ દીકરા-દીકરીના આંસુ લૂછવા આગળ આવતાં હોય ત્યારે રાજય સરકાર વતી દાતાઓની પીઠ થાબડી શુભકામના પાઠવી હતી.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ પણ વિકલાંગ દીકરા-દીકરીઓના સગવડના કાર્યો માટે રૂ. ૧૧ લાખના અનુદાન બદલ પણ રાજયમંત્રી વાસણભાઈ આહિરે કચ્છ અને સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ રાજય સરકાર વતી અભિનંદન સાથે આભાર પ્રગટ કર્યો હતો.

આ પ્રસંગે સેવા કાર્યોની પ્રેરણાદાયી પુસ્તિકાનું રાજયમંત્રી તેમજ સંસ્થાના મંચસ્થ અગ્રણીના હસ્તે વિમોચન કરાયું હતું તેમજ હળવદ સંસ્થા પ્રમુખનો પદભર ગ્રહણ કરનાર ખીમજી ખેરાજ ગાલાનું આ પ્રસંગે અભિવાદન કરાયું હતું.

આ પ્રસંગે રાજયમંત્રીના હસ્તે ચુનીલાલ ગગલદાસ શાહ શેરીસાવાળા કુમાર છાત્રાલય-ભચાઉનું રીબીન કાપી ખુલ્લુ મૂકાયું હતું. ઉપરાંત કેસરબેન ચાંપસી કારીઆ તેમજ જયાબેન પ્રેમજી જેસંગભાઈ વગેરે દાતાઓ નિર્મિત પ્રવેશદ્વારોનું રાજયમંત્રી સહિત શ્રેષ્ઠીઓ દ્વારા ખુલ્લાં મૂકાયાં હતા તેમજ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા દ્વારા ફાળવાયેલ ગ્રાંટમાંથી નિર્માણ થનાર શાળાના ઓરડાઓના ભૂમિ પૂજનવિધિ રાજયમંત્રી વાસણભાઈ આહિરના હસ્તે સંપન્ન કરાઇ હતી. સંસ્થાનો પરિચય મંત્રી જીતેન્દ્ર જોષીએ આપ્યો હતો.

જમાં કવિ "પુષ્પ"ના ત્રણ કાવ્ય સંગ્રહનું રાજયમંત્રીની ઉપસ્થિતિમાં વિમોચન કરાયું



ભુજ, અહીં ભુજના રાજાશાહીના જમાનાના શરદબાગ પેલેસમાં જાણીતા કવિ પબુ ગઢવી "પુષ્પ" ના ત્રણ ભાષાના કાવ્ય સંગ્રહોના વિમોચન પ્રસંગે મહેફિલ જેવો માહોલ સર્જાયો હતો. જાણીતા કવિ કૃષ્ણ દવેના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં કવિ "પુષ્પ" ના ત્રણ ભાષાના કાવ્યસંગ્રહો ગુજરાતીના 'સબંધ' , હિન્દીના 'મધુર સમંદર' અને કચ્છીના 'હિયારી' નું લોકાર્પણ કરાયું હતું.

રાજયમંત્રી વાસણભાઈ આહિર, ભુજ ધારાસભ્ય ડો.નીમાબેન આચાર્ય, નગરઅધ્યક્ષા લતાબેન સાંકળ, મ.કુ.હનુવંતસિંહજી અને કુંવરાણી રોહિણીબા જાડેજા, વરિષ્ઠ પત્રકાર કિર્તીભાઈ ખત્રી, જાણીતા સર્જક જયંતી જોશી "શબાબ" વૃજ ગજકંધ અને આયોજક સંસ્થા કચ્છ સાહિત્ય મંડળના લાલજી મેવાડા સ્વપ્નની ઉપસ્થિતિમાં યોજાયેલ વિમોચન કાર્યક્રમમાં ઊડીને આંખે વળગે એવી વાત શબ્દોની ખીલેલી ફૂલઝડી હતી. કાર્યક્રમના અધ્યક્ષ કૃષ્ણ દવેએ પોતાની શ્રેષ્ઠ રચનાઓ આરોહ, અવરોહ સાથે રજુ કરી વિમોચન કાર્યક્રમને ધીમે ધીમે જામતી ઠંડી વચ્ચે લોકોમાં જોશ જગાવ્યું હતું. તેમણે આ પ્રસંગે ઉમેર્યું હતું કે, આજે અહી પ્રસન્નતા સિવાય બીજું કશું દેખાતું નથી. સાથે એવી અપેક્ષા દર્શાવી હતી કે આવા કાર્યક્રમો થવા જોઈએ, નવા કવિઓ આવવા જોઈએ. પુષ્પના ત્રણેય કાવ્યસંગ્રહોનો પરિચય જાણીતા કવિ જયંતી જોશી "શબાબ" એ રસપ્રદ શૈલીમાં કરાવતાં કહયું કે, આ ત્રણેય ભાષાના પુસ્તકો કવિની સાડા ચાર દાયકાની સાધના છે. જાણે વસંત બેઠી હોય તેવું અનુભવાય છે તેમ જણાવતાં સાથે કવિ પુષ્પના ત્રણેય કાવ્યસંગ્રહોની એક-એક રચનાનો આસ્વાદ કરાવાયો હતો. આ પ્રસંગે ડો.ધીરેન્દ્ર મહેતા, રમણીક સોમેશ્વર, ગૌતમ જોશી, નારાયણ જોશી કારાયલ, રસિક મામતોરા સહિતના જાણીતા દિગ્ગજ સાહિત્યકારોની સાથે બોર્ડર રેંજના ડી.આઇ.જી. ડી.બી.વાઘેલા, યજુવેન્દ્રસિંહ જાડેજા, શકિતસિંહ પરમાર, મોહનભાઇ શાહ, ડો.વિજયભાઇ ગઢવી, ડો.રામભાઇ ગઢવી, પ્રવિણભાઇ જોબનપુત્રા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. પ્રારંભે કચ્છ સાહિત્ય મંડળના લાલજી મેવાડા સ્વપ્નને સૌને આવકારી મંડળની પ્રવૃતિઓની માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન સ્નેહલ વૈધે કર્યુ હતુ.

કૉંગ્રેસ સમિતિની મીટિંગમાં નારાજ કાર્યકરોનું રાજીનામુ આપવાનું એલાન

રાજકોટ

રાજકોટ કૉંગ્રેસમાં ભૂકંપનાં એંધાણ છે. નારાજ કાર્યકરોએ ગુપ્ત બેઠક બોલાવી છે. રાજકોટ જિલ્લા કૉંગ્રેસ સમિતિમાં મોટાપાયે ભંગાણ પડવાની શક્યતા છે. જિલ્લા કૉંગ્રેસ સમિતિનાં આગેવાનો રાજીનામા આપી શકે છે. પ્રમુખ હિતેશભાઈ વોરાથી નારાજ કાર્યકરોની મીટિંગ સરધારમાં મળી છે. ફરિયાદ સેલનાં ચેરમેન ધર્મેશ ઢાકેચાનાં નિવાસસ્થાને સરધાર ખાતે આ બેઠક મળી છે, જેમાં પ્રમુખ હિતેશભાઈ વોરાથી નારાજ કાર્યકરો મીટિંગમાં જોડાયા છે.

હિતેશ વોરા પર આરોપ છે કે તેઓ કૉંગ્રેસને તોડવાનું કામ કરે છે, જેના કારણે રાજકોટ ગ્રામ્ય તાલુકા કૉંગ્રેસ સમિતિનાં આગેવાનોનું કોઈ કામ કરતા નથી કે તે સાંભળવામાં આવતા નથી. નારાજ કાર્યકરોનું કહેવું છે કે હિતેશ વોરાની નજીકનાં શૈલેષ કપુરીયાને જિલ્લા કૉંગ્રેસ સમિતિનાં ઉપ પ્રમુખ બનાવ્યા, જ્યારે રાજકોટ તાલુકા કૉંગ્રેસ સમિતિનાં આગેવાનોને કોઈ સાંભળતુ નથી. નારાજ કાર્યકરોની સરધારમાં ધર્મેશ ઢાકેટાના નિવાસસ્થાને બેઠક મળી હતી. જેમાં ધર્મેશ ઢાકેચાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, હિતેશ વોરા ગ્રામ્ય તાલુકા કૉંગ્રેસ સમિતિની આગેવાનોનું કોઈ કામ કરતા નથી કે સાંભળતા આવતા નથી. હિતેશભાઈના નજીકના ગણાતા શૈલેષ કપુરીયાને રાજકોટ જિલ્લા કૉંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ બનાવ્યા છે. રાજકોટ તાલુકા કૉંગ્રેસ સમિતિના આગેવાનોનું કોઇ સાંભળતું નથી. રજૂઆત કરીએ તો કહે છે કે આમ જ ચાલશે. જેથી રાજકોટ તાલુકા કૉંગ્રેસ સમિતિની બેઠક યોજી હતી.

રેલવે ટ્રેક પર ટીખળખોરોએ પથ્થર મુકતા પોલીસ તંત્રમા દોડધામ મચી

ગોંડલ

કોટડા સાંગાણી તાલુકાના હડમતાળા ગામ પાસે રેલવે ટ્રેક પર કોઈ અજાણ્યા શખ્સોએ પથ્થરો મૂકી ટીખળ કરતા અમદાવાદ સોમનાથ ઈન્ટરસિટીને દસ મિનિટ રોકવી કરવી પડી હતી. ઘટનાને પગલે પોલીસ તંત્રમા દોડધામ મચી ગઇ હતી.

રેલવે ટ્રેક પર પથ્થરો મુકવાની ઘટના અંગે રેલવે પોલીસના ગણપતસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હડમતાળા પાસે કેટલાક ટીખળખોરો દ્વારા રેલવે ટ્રેક પર પથ્થરો મૂકવામાં આવ્યા હોય જેની જાણ રેલવે પોલીસને થતા ઘટનાસ્થળે પોલીસ કાફલો દોડી ગયો હતો. તાલુકા પોલીસ પણ દોડી આવી હતી. તેમજ જિલ્લા પોલીસને જાણ થતા તેઓ પણ દોડી આવ્યા હતા અને તાકીદે ટ્રેક પરથી પથ્થરો દૂર કરી કાર્યવાહી હાથ ધરી હતી. હડમતાળા જી.આઈ.ડી.સી પાસે ઘણા કારખાનાઓ આવેલા હોય નાના બાળકો દ્વારા ટીખળરૂપે પથ્થરો મૂકવામાં આવ્યા હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ પોલીસને જણાઇ રહ્યું છે.





ધરમપુરની વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ. શિબિરનો શુભારંભ





સમયનો સદઉપયોગ કરીએ તો જીવનમાં ઝડપભેર આગળ વધી શકાય - આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર

વલસાડ

સમયનો સદઉપયોગ કરીયે તો જીવનમાં ઝડપભેર આગળ વધી શકાય, જે ધ્યાને રાખી શિબિર દરમિયાન ટાઇમ મેનેજમેન્ટની તાલીમ લેવા વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુરના એન.એસ.એસ. શિબિરના ઉદ્ઘાટન અવસરે વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રમણલાલ પાટકરે કોલેજના વિદ્યાર્થીઓને હાકલ કરી હતી.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એન.એસ.એસ. એ કાર્યશાળા છે, જે દરમિયાન શિબિરાર્થીઓને શ્રમ, સેવા, સહકાર, સદભાવ, કુટુંબ, સમાજ તેમજ રાષ્ટ્રસેવાના પાઠ શીખવાની તાલીમ મળવાની સાથે વિવિધ સદગુણોનું સિંચન પણ શિબિરમાં થાય છે. સતત પ્રવૃત્તિમય રહેનાર જીવનમાં ખૂબ જ પ્રગતિ કરી શકે છે. ઘર પરિવારથી દૂર એકાંતમાં રહી જીવનલક્ષી ભાથું અહીં શીખવા મળે છે.

રાષ્ટ્રના વિકાસમાં યુવાઓનું યોગદાન મહત્ત્વનું છે અને વિદ્યાર્થી જીવનમાં ૧૮ થી ૨૫ વર્ષનો ગાળો શૈક્ષણિક કારકિર્દી ઘડતરનો છે, ત્યારે નમ્રતા, વિનય અને વિવેકથી ગુરુ પાસે જ્ઞાન મેળવી સતત આગળ વધવું જોઈએ. મંત્રીશ્રીએ નોકરી માટે આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા અને નોકરી ન મળે તો સ્વરોજગાર ક્ષેત્રે આગળ વધવા અનુરોધ કર્યો હતો. સરકારની વિવિધ જનકલ્યાલક્ષી યોજનાઓનો લાભ લઈ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને મદદરૂપ બની શકાય તેમ છે, ત્યારે શિબિર દરમિયાન જે ગામમાં જાઓ ત્યાંના ગ્રામજનો અને યુવાનોને સરકારી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કરવા પણ તેમણે જણાવ્યું હતું. મોબાઈલનો સદઉપયોગ કરવામાં આવે તો તે વરદાન રૂપ છે, જે ધ્યાને લઈ શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થાય તેવી એપ્લીકેશનનો મહત્તામ ઉપયોગ કરવો જોઈએ. આદિજાતિ વિસ્તારની ગોલ્ડન ગર્લ સરિતા ગાયકવાડનો ઉલ્લેખ કરી દેશને ગૌરવ અપાવનાર આદિજાતિની દીકરી પાસેથી પ્રેરણા લઈ તે માર્ગે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

કોલેજના પૂર્વ આચાર્ય અને યુનિવર્સિટીના સીન્ડિકેટ સભ્ય યોગેશકુમાર ભટ્ટે આદિજાતિ વિસ્તારના લોકો માટે સરકારની કલ્યાણલક્ષી યોજનાઓનો બૃહદ પ્રચાર કરી લોકોને તેનો લાભ લેવા માર્ગદર્શન આપવા જણાવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો.વી.ડી.પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી કોલેજની પ્રવૃત્તિની રૂપરેખા આપી હતી.

આ અવસરે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ની દિલ્હી ખાતે યોજાનાર પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લેવા જનારા કોલેજના વિદ્યાર્થી યાજ્ઞિકનું મંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું. નમો ટેબલેટ યોજના હેઠળ વિદ્યાર્થીઓને ટેબલેટનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું હતું.

કાર્યક્રમનું સંચાલન એન.એસ. એસ.ની સ્વયંસેવિકાઓએ કર્યું હતું. આભારવિધિ પ્રા. ભરતભાઇ રાઠોડે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફિસર શૈલેષભાઇ રાઠોડ, શર્મિલાબેન પટેલ, હંસાબેન ઠાકોરે જહેમત ઉઠાવી હતી.

આ અવસરે બ્રાહ્મણ સમાજના પ્રમુખ અક્ષયભાઇ ઓઝા, પીપલખેડના સરપંચ શાંતાબેન પટેલ, વૃક્ષપ્રેમી રતિલાલભાઇ પટેલ, ગણેશભાઇ બિરારી, ગ્રામજનો, શિક્ષકો, શિબિરાર્થીઓ હાજર રહયા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ૩૧સ્ટ ડિસેમ્બર મનાવવા આવેલા પ્રવાસીઓ અને પોલીસ વચ્ચે અંદર જવા મુદ્દે તું-તું મેં-મેં

સુરત,અમદાવાદ અને બિહારથી પરિવાર સાથે આવેલા પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં જવાની માંગ કરતા હતા ત્યારે પોલિસ અને સુરક્ષા જવાનો એમને સમજાવી રહ્યા હતા,દરમિયાન પ્રવાસીઓનો મિજાજ ગયો અને મામલો બીચકયો હતો. દર સોમવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રહેશે એવો રાષ્ટ્રીય સ્તરે સરકાર પ્રચાર ન કરતી હોવાથી હાલાકી વેઠવી પડતી હોવાનો પ્રવાસીઓનો આક્ષેપ.

રાજપીપળા:પીએમ મોદીએ ૩૧મી ઓક્ટોબરે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.એ બાદ અત્યાર સુધીમાં લગભગ ૨ લાખ પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી છે.પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ દર સોમવારે મેન્ટેનન્સ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રાખવાનો તંત્ર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.હવે આ નિર્ણયની જાણ અમુક વિસ્તારના લોકોને જ હોવાથી અન્ય વિસ્તારના પ્રવાસીઓ સોમવારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા કેવડિયા આવી પહોંચતા હોય છે.ત્યારે પ્રવાસીઓ અને સુરક્ષા જવાનો વચ્ચે બે થી ત્રણ વાર સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં અંદર જવા મુદ્દે ઘર્ષણ થયું હોવાના બનાવો બન્યા જ છે.

ત્યારે ગુજરાત રાજ્યના સુરત,અમદાવાદ અને વડોદરા તથા રાજ્યબહારના બિહારથી પ્રવાસીઓ પોતાના પરિવાર સાથે ૩૧સ્ટ ડીસેમ્બર મનાવવાની ગણતરીએ કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા આવી પહોંચ્યા હતા.તેઓ સ્ટેચ્યુના ગેટની બહાર ઉભા હતા અને અંદર જવાની તૈયારી કરતા હતા દરમિયાન પોલીસ અને સુરક્ષા જવાનોએ એમને એમ કહીને રોક્યા કે આજે સોમવાર હોવાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ છે.બાદ પોલીસ અને સુરક્ષા જવાનો પ્રવાસીઓને સસમજાવી રહ્યા હતા ત્યારે અચાનક અમુક પ્રવાસીઓનો મિજાજ ગયો અને તું-તું મેં-મેં ના દશ્યો પણ સર્જાયા હતા,૨કઝક દરમિયાન એક સમયે તો ઘર્ષણ પણ સર્જતાં રહી ગયું હતું.જોકે અંતે એ પ્રવાસીઓએ વીલા મોઢે ત્યાંથી પરત જવું પડ્યું હતું.

બિહારના પ્રવાસી સત્યેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે સોમવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રહે છે એની તો અમને ખબર જ નથી.સરકાર અમુક જ વિસ્તારમાં આ બાબતનો પ્રચાર કરે છે.અમારી જાણ મુજબ અગાઉ બે-ત્રણ વખત પણ રાજ્યબહારથી આવેલા પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ધક્કો પડ્યો હતો.સરકારે રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરે સોમવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ હોવા બાબતનો પ્રચાર કરવો જ પડે,સરકારની ભૂલના કારણે જ આજે અમને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે એમ જણાવી પોતાનો રોષ વ્યકત કર્યો હતો.

વડોદરામાં ગાયત્રી પરિવાર દ્વારા ત્રિ દિવસીય મહાયજ્ઞ

વલસાડ

અખિલ વિશ્વ પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર અને વડોદરાની અશ્વમેધ રજતજયંતિ સમિતિ દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ અનસુયા લેપ્રોસી મેદા, સરદાર એસ્ટેટ સામે, આજવા રોડ, વડોદરા ખાતે વિશેષ દેવપૂજનથી મહાયજ્ઞનો પ્રારંભ થશે. આ યજ્ઞમાં તા.૧ થી ૩ સુધી વિશેષ આહુતિઓની ક્રમ ચાલશે. વિશેષરૂપે વેદમૂર્તિ, તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજી લિખિત ૩૨૦૦ પુસ્તકોની પ્રદર્શની, ૫૦૦૦ ગર્ભોત્સવ સંસ્કાર દ્વારા ભાવિ પેઢીના નિર્માણ અને રાષ્ટ્ર જાગરણના ભગીરથ મહાયજ્ઞમાં ભાગીદાર બની જીવન ધન્ય બનાવવા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા અનુરોધ કરાયો છે.

નર્મદા સુગર ફેક્ટરીમાં ખેડૂતોની આવક બમણી કરવાની ચેરમેન દ્વારા કવાયત : તજજ્ઞો બોલાવી આપી માહિતી

રાજપીપળા : નર્મદા સુગર ખાતે ખેડૂત ચિંતન શિબિર યોજાઈ જેમાં ઉત્પાદન સાથે રિકવરી વધારાની સાથે ગંભીર ચર્ચા કરવામાં આવી સાથે હાલ પાક માં ઉતારો ઓછો આવવાથી ખાંડ ના ઉત્પાદન પર પણ અસર થાય છે, શેરડીનો ભાવ વધારો, મજૂરો ની સંખ્યા ઘટવાની સમસ્યા ની ચર્ચા કરવામાં આવી જેમાં મુંબઈ ના તજજ્ઞ સંજીવ મ્હાણે, નર્મદા સુગરના ચેરમેન ઘનશ્યામ પટેલ, વાઇસ ચેરમેન અજયસિંહ પરમાર, એમ ડી, નરેન્દ્ર પટેલ સહીત આગેવાનો અને ડિરેક્ટરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વર્ષ ૨૦૨૨ માં ભારત ની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થાય ત્યારે ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના સંકલ્પ માટે ખેડૂતો ને જાગૃત કરવા માટે ખેડૂત સંકલ્પ શિબિર આયોજન આજે નર્મદા જિલ્લાની એક માત્ર ગણાતી સુગર ફેક્ટરી ધારીખેડા નર્મદા સુગર ખાતે યોજાયું જિલ્લામાં મોટાભાગ ના ખેડૂતો શેરડી અને કેળા ની ખેતી કરે છે ત્યારે શેરડીની ખેતી માં બમણું ઉત્પાદન કેમ કરી ને લેવાય તેહેતુ માટે મહારાષ્ટ્ર ના કૃષિ વિજ્ઞાનિક ને ખાસ ધારીખેડા બોલાવી જિલ્લાભર ના શેરડી પકવતા ખેડૂતો માટે માર્ગદર્શન આપવામાં આવ્યું ધારીખેડા નર્મદા સુગર ના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ એ જણાવ્યું કે હાલ શેરડી પકવતા ખેડૂતો તેમનું ઉત્પાદન બમણું કરે તે માટે તેમની ખેત પદ્ધતિમાં ફરફાર કરી બે આંખોવાળા શેરડીના રોપા તથા ટીસ્યુ કલ્ત્યર રોપાનો ઉપયોગ કરતા થાય તો હાલ જે ઉત્પાદન છે તેમાં વધારો થાય જયારે મહારાષ્ટ્ર થી ખાસ આ કાર્યમાં નિપુર્ણએવા કૃષિ વિજ્ઞાનિક સંજીવ મ્હાણે એ જણાવ્યું કે અમે સરકાર ના વિચાર ને સાર્થક કરવા મહારાષ્ટ્ર માં શેરડી માટે આ પ્રયોગ કરીએ છે અને અમે સફળ પણ રહ્યાં છે .



જય કુંભકાર ॥ સંઘે શક્તિ કલૌયુગે ॥ જય કુંભકાર

સમસ્ત પ્રજાપતિ સમાજ સ્નેહ મિલન

ભરૂચ જિલ્લો

≋ આમંત્રણ પત્રિકા ≋



પ્રતિ, _____

આપશ્રીને જાણ કરતા આનંદની અનુભૂતિ થાય છે કે ભરૂચમાં **દ્વિતીય** વખત આપણા ભરૂચ જીલ્લાના સર્વ ગોળ પ્રજાપતિ સમાજનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. તો આપને સહકુટુંબ કાર્યક્રમમાં પધારવા માટે આમંત્રણ છે. આ પ્રયાસને આપ પ્રોત્સાહન આપશો. આપના સૌના સાથ અને સહકારથી સૌ ભેગા મળીને સમાજની સેવા કરીએ, સમાજના ઉત્કર્ષ માટે આપણે સૌ સાથે બેસીને ચિંતન કરીએ, એવી આશા સહ આપને ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

કાર્યક્રમની રૂપરેખા

- દિપ પ્રાગટય
- પ્રસંગોચિત પ્રવચન
- ઘોરણ - ૫ થી ૧૨ ના પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન
  (વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી જમા કરાવવી જરૂરી છે.)
- સમાજના અગ્રણીઓનું ઉદ્બોધન
- સાંસ્કૃતિક કાર્યક્રમ

તારીખ : ૬-૧-૨૦૧૯, રવિવાર **સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦**

સ્થળ : શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર, સરદાર બ્રીજ પાસે, ને.હા.નં. ૮, ઝાડેશ્વર, ભરૂચ

નોંધ : સ્વરૂચી ભોજન સાથે લઈશું.

:: સંપર્ક સૂત્રો ::

મનુભાઈ પ્રજાપતિ, જંબુસર - 96620 54493
દિવ્યાંસુભાઈ પ્રજાપતિ, ભરૂચ નગર - 99250 17231
રાકેશભાઈ પ્રજાપતિ, વાલીયા, હાંસોટ - 94271 15995
સતિષકુમાર ઓઝા, શક્તિનાથ - 99980 05590
ઈશ્વરભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 94274 13050
ભાવિન પ્રજાપતિ, ઝાડેશ્વર ગામ - 97277 26783
યોગેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -98247 83282
ધિરજભાઈ પ્રજાપતિ, ભરૂચ તાલુકો - 99740 53035
ઉર્વેશભાઈ ગુર્જર, જંબુસર તાલુકો - 96877 68831
નિશાંતભાઈ પ્રજાપતિ, આમોદ તાલુકો - 76000 98903
અરૂણભાઈ પ્રજાપતિ, અંકલેશ્વર તાલુકો - 99042 11664
પ્રકાશભાઈ પ્રજાપતિ, માંડવા વિસ્તાર - 94271 08651
જીતેશભાઈ પ્રજાપતિ, ઝઘડિયા તાલુકો - 99247 15146
જીતુભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94292 84130
જયેશભાઈ પ્રજાપતિ, નેત્રંગ તાલુકો - 94273 16041
અતુલભાઈ પ્રજાપતિ, જંબુસર - 98984 11396
મનિષભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99989 46476
ઉમેશભાઈ પ્રજાપતિ, ઝાડે.સોસા.વિસ્તાર -99747 07996
જગદિશભાઈ પ્રજાપતિ, આમોદ - 89802 25857
મુકેશભાઈ પ્રજાપતિ, જુના તવરા - 94284 61033
ધર્મેશભાઈ ગુર્જર, ભરૂચ નગર - 81280 95035
દેવેન્દ્રભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 90999 23463
પ્રફોશભાઈ દલવાડી, સી.ડીવી.પોલીસ સ્ટેશન -98241 24395
પ્રભુદાસભાઈ પ્રજાપતિ, જંબુસર - 99255 47487
રમણભાઈ પ્રજાપતિ, વાગરા તાલુકો - 96386 29784

રક્તદાન અભિયાનના સાયકલ યાત્રી જયદેવ રાઉતનું નવસારીમાં અભિવાદન

ગુજરાતની આધુનિક બ્લડ બેંકો નિહાળી સાયકલ યાત્રી રાઉત પ્રભાવિત થયા

નવસારી

રક્તદાન મહાદાનના સંદેશને સાયકલ યાત્રા દ્વારા ભારતભરમાં પ્રસરાવવા કલકત્તાથી નીકળેલા ૩૭ વર્ષના યુવા જયદેવ રાઉતનું નવસારીમાં વીરાવળ આગળ સ્વામીનારાયણ હાઈસ્કૂલ ઈટાળવા અને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાલયના જેઆરસી વિદ્યાર્થીઓએ વીરાવળ આગળથી સાયકલ યાત્રામાં જોડાઈને જુનાથાણા નવસારી આગળ સ્વામી વિવેકાનંદ પ્રતિમા આગળ દોરી લાવી રેડક્રોસ નવસારીના પદાધિકારીઓ ડૉ. અતુલ દેસાઈ, તુષાર દેસાઈ, કેરસી દેબુ, પ્રા.જશુભાઈ મ.નાયક તથા લાયન્સ ક્લબ મેઈનના રાજેશ્રી ખરાદી વગેરેએ અભિવાદન કર્યું હતું.

જયદેવ રાઉતે જણાવ્યું હતું કે પોતે ૩૭ વખત રક્તદાન કરી ચૂક્યા છે. સમગ્ર પરિવારે રક્તદાનને પરંપરા તરીકે સ્વીકારી છે. કલકત્તાની એક કંપનીમાં શ્રમિક તરીકે કામ કરે છે. તેમની રક્તદાન જાગૃતિ યાત્રા ફેડરેશન ઓફ બ્લડ ડોનર્સ એસોશિએસન દ્વારા આયોજિત કરવામાં આવી છે. આ બીજો તબક્કો છે. તા.૫ ઓક્ટોબર ૨૦૧૮ રોજ નીકળી ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, બિહાર, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સા થઈ બંગાળ પરત જશે. અંદાજે કુલ સાત હજર કિલોમીટર વધુ પ્રવાસ માર્ગે છે.

વિદ્યાર્થીઓને સંદેશ આપતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ યુવાવર્ગ સન્માન પ્રક્રિયામાં હાજર રહ્યો તથા જમશેદજી ટાટા દાદાભાઈ નવરોજીના નગરમાં આવવાની તક મળી તેથી ગૌરવ અનુભવુ છું. ગુજરાતની બધી બ્લડ બેંકોની મુલાકાત લેતા જોવા મળ્યું કે વધુ અદ્યતન અને સક્રિય છે છતા રક્તદાન પ્રવૃત્તિ પ્રચાર-પ્રસાર માટે હજુ વધુ કામ કરવાની જરૂર છે. યાત્રા માર્ગ ઉપર રક્તદાન પ્રવૃત્તિની વાતો સાંભળે છે. સહકાર પણ મળે છે.

વાલોડ ફાઈન આર્ટ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

સુરત

કલા મહાવિદ્યાલય વનસ્થલિ કણજોડ ફાઈન આર્ટ કોલેજ તા.વાલોડ, જિ.સુરત ખાતે ૧૯૮૨ના બેચના વિદ્યાર્થીઓનું ૩૮ વર્ષ પછી તા.૨૩/૧૨/૨૦૧૮ના રોજ દિલીપભાઈ પટેલના પ્રમુખ પદે અને રમિલાબેન જેરામભાઈ ચૌધરીના અતિથિ વિશેષ પદે સ્નેહમિલન યોજાયું હતું. આ પ્રસંગે અમેરિકાથી દિલીપભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી પ્રેરણા પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં આચાર્યા રૂબીબેન ચૌધરી, પ્રા.કિશોરભાઈ માહ્યાવંશી, નીતાબેન સ્માર્ટ, જસ્મીન શાહ, હસમુખભાઈ સોલંકી, દિપક પંચાલ, પ્રશાંત શાહ, રસિક સફરી, ઘનશ્યામ સેલર, રમેશ ચૌહાણ, ખુશાલ ચૌહાણ, પ્રમોદ પટેલ, ફાલ્ગુની મહેતાએ હાજર રહી વિભિન્ન ક્ષેત્રો નોકરીમાં જોડાઈ અતીતના મીઠા સંસ્મરણો વાગોળ્યા હતા. પ્રારંભે સદ્‌ગત પ્રિ. જેરામભાઈ ચૌધરીના યોગદાનને સ્મરી ભાવાંજલિ આપી હતી. નદીના પાવન તટે આવેલ આ કુદરતી પ્રકૃતિના વાતાવરણમાં આખો દિવસ ગાળી ફરી મળવાના કોલ સાથે સહુ છુટા પડ્યા હતા.

તા.૩જી જાન્યુઆરીએ સુરખાઈમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

નવસારી

આજરોજ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં ગરીબ કલ્યાણ મેળાના સુચારૂ આયોજન માટેની બેઠક જિલ્લા કલેકટર ડો.એમ.ડી.મોડીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો. એમ.ડી.મોડીયાએ, ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને આપવાની કીટો દરેક વિભાગોએ મેળવી લેવા જણાવ્યું હતું. સ્થળ પર લાભાર્થીઓને મળી રહે તે માટે સ્ટોલ અને કાઉન્ટર વધુ રાખવા સુચના આપી હતી. દરેક વિભાગે પોતાના લાભાર્થીઓએ ઓનલાઈન ડેટા એન્ટ્રી ઝડપી પૂર્ણ કરવા જિલ્લા કલેકટરશ્રી મોડીયાએ તાકીદ કરી હતી. જિલ્લા કલેકટરશ્રી મોડીયાએ મુખ્ય સ્ટેજના લાભાર્થીઓની યાદી તૈયાર કરવી, પીવાના પાણીની વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મંડપ સ્ટેજ, કાયદો અને વ્યવસ્થા, બસરૂટની વ્યવસ્થા સહિતના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા કલેકટરશ્રીએ ઉર્મેયુ હતું કે, નવસારી જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળો આગામી તા.૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ઘોડીયા પટેલ સમાજની વાડી સુરખાઈ ખાતે યોજાશે. મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને યોજાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી. ગોહિલ, અધિક નિવાસી કલેકટરશ્રી કે.જે.રાઠોડ, પ્રાયોજના વહિવટદાર શ્રી પારગી સહિતના જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉધના, ડીંડોલી અને અમરોલી પોલીસે ૨૦ જુગારીઓને પકડ્યા

જુગારીઓ પાસેથી ૧.૭૦ લાખની મતા કબજે

સુરત

ઉધના, ડીંડોલી અને અમરોલી પોલીસે ૨૦ જુગારીની ધરપકડ કરી રોકડ સહિત રૂા. ૧.૭૦ લાખથી વધુની મતા કબજે કરી હતી.

ઉધના પોલીસે ભાઠેના સત્યનગર સોસાયટી પ્લોટ નં. ૨૧/૧૫૪ શ્રી કરણી મોટર્સ નામની ઓફિસમાં દરોડા પાડી જુગાર રમતા મનિષ સુરેશચંદ્ર જૈન મોહન એકનાથ પાટીલ, સંજય ભંવરલાલ બડોલા, રાકેશ વાસુદેવ પરિયાની ધરપકડ કરી ત્રણ મોબાઈલ ફોન, રોકડા મળી રૂપિયા ૭૪,૯૦૦ની મતા કબજે કરી હતી.

ડીંડોલી પોલીસે મોર્યાનગર ખાડી કિનારે બદામના ઝાડ નીચે જુગાર રમતા રાકેશ મોહન પટેલ, મુકેશ રાજુ જગદેવ, રાકેશ વિજય ડાબેરાવ રાજીવ કાશીનાથની ધરપકડ કરી રોકડા રૂા. ૨૬,૬૦૦ કબજે કર્યા હતા. અમરોલી પોલીસે માનસરોવર સર્કલ ગોલાઈ કોમ્પલેક્ષ ઘર નં. ૩૦૧માં દરોડા પાડી જુગાર રમતા મુકીમ અલી શેખે મનોજ ચૌહાણ, રાજુ દેસાઈ, નટુ કાનજી, પુનમ મંગળ, રાજેન્દ્રસિંગ ચૌહાણ, હરસુખ ફૂલેગા, મંગલસિંહ રાઠોડ, વસીર જમીર શેખ, રમેશ ધામેલિયા, વિઠ્ઠલ ચોવટિયા, કૈલાશ પાલની ધરપકડ કરી પ્લાસ્ટિકના ૧૩૨ કોઈન, બે મોબાઈલ ફોન, રોકડા મળી કુલ્લે રૂા. ૬૯,૦૯૦ની મતા કબજે કરી હતી.

અંકલેશ્વર ખાતે બ્રહ્મ સમાજ દ્વારા વાર્ષિક સ્નેહ મિલન સમારંભ યોજાયો

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે સમસ્ત અંકલેશ્વર બ્રહ્મ સમાજના વાર્ષિક સ્નેહ મિલન સમારોહનું આયોજન ભરૂચી નાકા સ્થિત જલારામ મંદિર ખાતે રવિવારના રોજ કરાયું હતું.

સમસ્ત અંકલેશ્વર બ્રહ્મ સમાજના સ્નેહ મિલન સમારોહમાં નવચંડી યજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં પ્રખ્યાત કથાકાર વિનોદ ભટ્ટ આશીર્વચન આપવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભૂતપૂર્વ પાલિકા પ્રમુખ ભૂપેન્દ્ર જાની, રેણુકાબેન રાવલ, પરશુરામ ધિરાણ મંડળના ચેરમેન રજનીકાંત રાવલ, ભરૂચ જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ લલિત શર્મા, પત્રકાર તથા સામાજિક અગ્રણી, હરીશ જોષી, કૌશલ ગોસ્વામી તેમજ અંકલેશ્વર બ્રહ્મસમાજ પ્રમુખ હીરેન જોશી સહિત મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના સભ્યો-આગેવાનો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વકતાઓએ બ્રહ્મ સમાજ સંગઠિત થવા હાકલ કરી હતી. પૂર્વ પાલિકા પ્રમુખ ભૂપેન્દ્ર જાનીએ હાલમાં જ રાજસ્થાન ખાતે યોજાયેલ રાષ્ટ્રીય બ્રહ્મ સમાજ સંમેલનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે આ સંમેલનને પગલે જે સંગઠન શક્તિ એકત્ર થઈ એના પગલે રાજસ્થાનમાં ૧૩ના બદલે ૨૦ બ્રાહ્મણ આગેવાનો વિધાનસભાના ચૂંટણી જીત્યા આ જ સંગઠનની તાકાત અન્ય વક્તાઓએ પણ ગુજરાત જે રીતે બ્રહ્મ સમાજને રાજકીય રીતે અને અન્ય ક્ષેત્રમાં અવગણીને હાસિયામાં ધકેલી દેવાયો છે એની સામે સંગઠિત થઈ અધિકારો માટે જાગૃત બનવા હાકલ કરી હતી.



શ્રી સોમનાથ દાદા સમક્ષ આસ્થાપૂર્વક શીશ ઝૂકાવતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ



સોમનાથ દાદાની મધ્યાહન આરતીનો લાભ લેતા રાષ્ટ્રપતિ
દેવાધિદેવ મહાદેવ કૈલાશપતિ સોમનાથ દાદાના દર્શન-પુજા કરી ભાવવિભોર થતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ
રાષ્ટ્રપતિએ સોમનાથ મંદિરે શ્રધ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી સૌના કલ્યાણ માટે મંગલ કામના કરી : બ્રાહ્મણોએ વેદ મંત્રોનું ગાન કરી રાષ્ટ્રપતિને આવકાર્યા સરદાર પટેલની પ્રતિમાને પુષ્પો અર્પણ કર્યા

ગીર-સોમનાથ : કચ્છ અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે અરબી સમુદ્રના તટે બિરાજતા ભારત વર્ષના આસ્થા કેન્દ્ર ભગવાન શ્રી સોમનાથ દાદા સમક્ષ શીશ ઝૂકાવી આસ્થાપૂર્વક વંદના કરી હતી. પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ દાદાની રાષ્ટ્રપતિ સાથે તેમના પરિવારજનોએ પણ પૂજા, અર્ચના,અભિષેક કરી સૌના કલ્યાણ માટે મંગલ પ્રાર્થના કરી હતી. દેશના રાષ્ટ્રપતિ તરીકે તેઓ બીજી વખત ભગવાન સોમનાથ દાદાના દર્શનાર્થે આવ્યા હતા. તેમણે સોમનાથ દાદાની મધ્યાહન આરતીનો પણ શ્રધ્ધાપૂર્વક લાભ લીધો હતો.

રાષ્ટ્રપતિ સોમનાથ ગોલોકધામ હેલીપેડ આવી પહોંચતા વન અને પર્યાવરણ મંત્રી ગણપતભાઈ વસાવા, કલેક્ટર અજય પ્રકાશ, જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીએ તેઓને આવકારી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. ત્યાંથી રાષ્ટ્રપતિ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્થળે આવી સરદાર સાહેબને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. અહિં સોમનાથ દાદાના દર્શનાર્થે આવેલા યાત્રાળુઓ રાષ્ટ્રપતિને વંદે માતરમના નારા સાથે આવકાર્યા હતા. બાદમાં રાષ્ટ્રપતિ સોમનાથ પરિસરમાં આવી પહોંચ્યા હતા. સોમનાથ તીર્થક્ષેત્રના વિદ્વાન બ્રાહ્મણોએ વેદ મંત્રોનું ગાન કરી તેઓને આવકાર્યા હતા. મંત્ર ગાનથી વાતાવરણ પવિત્ર બની ગયું હતું. સોમનાથ મંદિરે જિલ્લા વિકાસ અધિકારશ્રી ધર્મેન્દ્રસિંહ રહેવર અને સોમનાથ ટ્રસ્ટના સલાહકાર યશોધર ભટ્ટે રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યુ હતુ. દેવાધિદેવ સોમનાથ મહાદેવ કૈલાશપતિને રાષ્ટ્રપતિએ શ્રદ્ધાપૂર્વક વંદના કરી ભાવવિભોર થયા હતા. પૂજારીએ સ્તુતિ મંત્રોનું મંગલમય ગાન કરી પૂજા-અર્ચના કરાવી હતી. તેમણે શિવલિંગ ઉપર ગંગાજળનો અભિષેક કરી દેશ-વિશ્વના કલ્યાણ માટે કામના કરી હતી. આચાર્ય ધનંજયભાઈ દવેએ પૂજાવિધિ કરાવી હતી. આ અવસરે દેશના પ્રથમ મહિલા અને રાષ્ટ્રપતિના ધર્મપત્નિ તેમજ તેમના પરિવારજનો સાથે જોડાયા હતા. પૂજા-અર્ચના બાદ રાષ્ટ્રપતિએ મહેમાનો સાથે સાગરદર્શન ખાતે ભોજન લીધુ હતુ. સોમનાથ મંદીર ખાતે રાષ્ટ્રપતિને મંત્રી વસાવા, સોમનાથ ટ્રસ્ટના સલાહકાર યશોધર ભટ્ટ અને જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સ્મૃતિ ચિન્હ અર્પણ કર્યુ હતુ.રાષ્ટ્રપતિની સોમનાથ મુલાકાત પ્રસંગે કલેકટર અજય પ્રકાશ, જિલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી અધિક કલેકટર એચ.આર. મોદી સહિત જિલ્લાના વરીષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. અત્રે ઉલ્લેખનીયછે કે, તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ, કે.આર.નારાયણ, પ્રતિભા પાટિલ અને પ્રણવ મુખર્જીએ ભારતવર્ષનાં આસ્થાકેન્દ્ર પ્રભાસતિર્થ ક્ષેત્રની મુલાકાત લઈ ભગવાન સોમનાથનાં આશીર્વાદ મેળવ્યા હતા.

સાગબારાના ગામોમાં શુદ્ધ પાણી પહોંચાડવાની યોજાની કામગીરીમાં હસ્તક્ષેપ કરતા પાટ ગામના સરપંચ સહીત છ સામે ફરિયાયાદ

કામમાં દખલગીરી કરી અવરોધ ઉભો કરી સ્થળ પરના અધિકારીઓ સાથે ગેરવર્તણુક કરી નોકરી કરવી ભારે પડશે તેવી ધાક ધમકી આપી હતી જિલ્લા કલેક્ટરની સૂચનાથી જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ ડેડિયાપાડાના નાયબ કાર્યપાલક ઈજનેરે ફરિયાદ નોંધાવી

રાજપીપળા : ડેડીયાપાડા,સાગબારાના લોકોને શુદ્ધ પીવાનું પાણી આપવાની યોજનાના કામમાં હસ્તક્ષેપ કરનાર પાટ ગામના સરપંચ અને અન્ય ૬ લકોની સામે જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ ડેડિયાપાડાના નાયબ કાર્યપાલક ઈજનેરે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે છ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરતા ચકચાર મચ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર ધ્વારા નર્મદા જીલ્લાના સાગબારા,ડેડીયાપાડા તથા તાપી જીલ્લાના સોનગઢ તાલુકાના ગામોને ઉકાઈ જળાશય માંથી રો-વોટર મેળવી શુધ્ધીકરણ કરી કાયમી ધોરણે ગુણવત્તા સભર પુરતા પ્રમાણમા પાણી પુરવઠો પાડી શકાય તે હેતુસર સાગબારા,ડેડીયાપાડા ટ્રાયબલ જૂથ પાણી પુરવાઠા યોજના અંતર્ગત પાટ ગામે સબ હેડવર્કસનુ કામ ચાલતું હતું જેમાં પાટ ગામના સરપંચ જયંત કાંતિલાલ વસાવા

જેની સાથે મુસ્તાક આમીન મકરાણી તથા પાટ ગામના બીજા પાંચથી છ જેટલા ઈસમો દ્વારા સરકારી કામગીરીને અટકાવવા માં આવતા સરકારી કામગીરી કરવામા સહાય કરવાને બદલે તેઓએ કામગીરી નહીં કરવા દઈ કામમાં દખલગીરી કરી અવરોધ ઉભો કરી સ્થળ પરના અધિકારીઓ સાથે ગેરવર્તણુક કરી નોકરી કરવી ભારે પડશે તેવી ધાક ધમકી આપી હતી. જે બાબતની અધિકારીએ તેના અધિકરીને વાત કરી જે રજૂઆત જિલ્લા કલેક્ટરને કરતા જિલ્લા કલેક્ટર આર.એસ.નિનામા એ જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી બાદમાં સાગબારા પોસઈ વાય.એસ.સિરસાઠે સરપંચ સહીત કુલ આઠ જેટલા વ્યક્તિઓ સામે ફરિયાયાદ નોંધી તપાસ હાથ ધરતા ફફળાટ ફેલાયો છે.

તા.૧લી જાન્યુઆરીને NO Vehicle Day તરીકે ઉજવી પર્યાવરણની જાગૃતિમાં યોગદાન આપવા જિલ્લા કલેકટર સુધીર પટેલની અપીલ

નડિયાદઃ દુનિયાભરના લોકોની બદલાયેલી જીવનશૈલી, વધુ પડતા પેટ્રોલ-ડિઝલ અને ટેકનોલોજીના ઉપયોગના કારણે થયેલ કલાઈમેટ ચેન્જના પરિણામે વાતાવરણમાં ઉષ્ણતામાન અને પ્રદુષણ ખૂબ જ વધી રહયું છે. આ વધી રહેલ પ્રદૂષણ અને કલાઈમેટ ચેન્જના કારણે લોકોના આરોગ્યના પ્રશ્નો પણ ખૂબ જ વધી રહેલ છે. નવી પેઢીમાં આ બાબતે જાગૃતતા આવે તે ખૂબ જ જરૂરી છે. ખેડા જિલ્લા કલેકટર સુધીર પટેલે જણાવ્યું હતું કે, પ્રદૂષણ ઘટાડવા અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે કોઈ એક સમયે અને કોઈએ તેની શરૂઆત કરવી જ પડશે. આ શરૂઆત આપણાથી જ કરીએ અને સમાજના અન્ય વર્ગોને ઉદાહરણ પુરૂં પાડીએ. તેઓએ જણાવ્યું હતું કે, નોકરીના સ્થળે પહોંચવા માટે આપણે ટુ વ્હીલર કે કારનો ઉપયોગ કરીએ છીએ તે નિવારી શકાય. આમ કરવાથી પ્રદૂષણ ઘટાડવાની સાથો સાથ રાષ્ટ્રની બહુમૂલ્ય કુદરતી સંપત્તિને પણ બચાવી શકાશે. પાણીની ઉપલબધિ એ કુદરતી સ્ત્રોતની દેણ છે અને કુદરતના સંશાધનો હકારાત્મક/રચનાત્મક અને જરૂરિયાત પુરતા જ ઉપયોગ થાય તે ખૂબ જ જરૂરી છે. પાણી પુરવઠા વિભાગ પર્યાવરણની જાળવણી અને પાણીના કરકસરયુકત વપરાશ સાથે સીધી રીતે સંકળાયેલ છે.

કલેકટરએ વધુમાં ઉમેર્યું હતું કે, શિયાળાની ઋતુમાં સ્વાસ્થ્યની જાળવણીની સાથોસાથ પર્યાવરણની જાળવણી માટે પાણી પુરવઠા વિભાગ હકારાત્મક અભિગમના સંદેશ સાથે આગામી નવા વર્ષના પ્રથમ દિવસે આવતીકાલ તા.૧લી જાન્યુઆરી ૨૦૧૯, મંગળવારના રોજ પાણી પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ/કર્મચારીઓ FOSSIL FUEL નો મર્યાદિત ઉપયોગ કરી એક દિવસ માટે NO Vehicle FOR PERSONAL USE ની થીમ ઉજવવા જઈ રહી છે, ત્યારે જિલ્લાના અન્ય વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ પણ તેમા સહયોગ આપે તેવી અપીલ તેમણે કરી છે.

તેઓશ્રીએ જણાવ્યું હતું કે, આ દિવસે તમામ અધિકારીઓ/કર્મચારીઓ કચેરીએ આવવા-જવા માટે અંગત વાહનનો ઉપયોગ ન કરે અથવા તો કાર-પુલ પધ્ધતિનો ઉપયોગ કરીને કચેરી આવે તે ઈચ્છનીય છે. જેમાં જો કચેરીનું અંતર ઓછું હોય તો ચાલતા કે સાયકલનો ઉપયોગ કરી કચેરીએ પહોંચી શકાય અને જો કચેરીનું અંતર વધારે હોય તો પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરી શકાય અથવા તો કારથી આવતાં અધિકારી/કર્મચારીઓએ કારની ક્ષમતાના ઓછામાં ઓછા ૭૫ ટકા કાર-પુલ પધ્ધતિ અપનાવી અલગ-અલગ ચાર કે પાંચ કારની જગ્યાએ એક જ કારમાં મુસાફરી થઈ શકે તેવું આયોજન કરવુ. સાયકલનો ઉપયોગ કરવામાં આવે તેઓએ શકય હોય તો પોતાની સાયકલની આગળના ભાગમાં NO Vehicle Dayનું બેનર લગાવી શકાય. દરેક કચેરી કક્ષાએથી NO Vehicle Dayની ઉજવણી યોગ્ય રીતે થાય તેની ખાસ કાળજી લેવી. આ ઉજવણી પર્યાવરણને સુદ્રઢ કરવા માટેનું એક નાનું પગલું છે, અને તેમાં તમારું યોગદાન ખૂબજ મહત્વનું આલેખાશે. દરેક અધિકારીઓ/કર્મચારીઓ અને જાહેર જનતા સંવેદનશીલ થઈ આ કાર્યક્રમમાં ઉત્સાહકપુર્વક ભાગ લઈ પોતાની કુદરતી પ્રત્યેની ફરજો અદા કરે તેઓ કલેકટર સુધીર પટેલે અનુરોધ કર્યો છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંકવવામાં સખ્ત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ સાથે સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની ઓંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની ઓંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધો વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી ઉપરોક્ત રકમ મુજબ ચૂકેલ આવકમાંથી ચુકવવા જશો, જે માટે સાથે ડાયરેક્ટ હોપ્રક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની
એકબીજા વચ્ચેના મેળવી આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
લાઈફના ૭૫૦/- (ઓટો મોડવી કરાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
લાઈફ ટુ વર્ષ માટે ૩૦૦૦/- (ઓટો મોડવી કરાવી)
આપનો કોડ લાઈફ ટુ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ગુમાવી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	100/-	1st	750/-
2nd	70/-	2nd	500/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
Total	290/-	Total	1850/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્પનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન ફોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :-
શ્રી ગાયત્રી મંદિર
ભાલોદ
-: આયોજક :-
સમસ્ત ભાલોદ ગામજનો
ભાલોદ

અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સમીપે રહેવાની મજા
આજવા ગ્રીન રીસોર્ટ
AC/NON AC ROOMS
તદ્દન નવી રાઈડ્સ સાથે ફાસ્ટફૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

ગાંધીનગરમાં સી.એમ. ડેશબોર્ડની કમાન્ડ કંટ્રોલ વોલ દ્વારા વિજયભાઈ રૂપાણીએ રાજ્યના જિલ્લા કલેકટરોની સર્વગ્રાહી કામગીરી સમીક્ષા હાથ ધરી



મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં ઓનલાઇન એન.એ.ની સંપૂર્ણ પ્રક્રિયા ૮ થી ૧૦ દિવસમાં પૂર્ણ કરી મંજૂરી પત્રો આપી દેવાય તેવી કાર્યપધ્ધતિ સુનિશ્ચિત કરવા જિલ્લા કલેકટરોને તાકિદ કરી છે.

આ સંદર્ભમાં તેમણે જિલ્લા કલેકટરોને સ્પષ્ટપણે જણાવ્યું કે ઓનલાઇન એન.એ.નો ઐતિહાસિક નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે તે મહત્વપૂર્ણ રિવોલ્યુશન – ક્રાંતિકારી બની રહ્યો છે.

હવે હરેક જિલ્લા કલેકટરો પ્રો-એકટીવ બનીને આ આખીય સીસ્ટમ સ્મૂધ બને તથા અરજીઓનું ઓછામાં ઓછું રિજેકશન થાય તે તરફ ધ્યાન કેન્દ્રીત કરે તે આવશ્યક છે.

રાજયમાં એન.એ ઓનલાઇન...

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી સી.એમ. ડેશબોર્ડની કમાન્ડ કંટ્રોલ વોલના માધ્યમથી જિલ્લા કલેકટરો સાથે ઓનલાઇન એન.એ, અછત, પાણી-ઘાસચારો, અસરગ્રસ્ત તાલુકાના ખેડૂતોને ઇનપૂટ સબસિડી સહાય તેમજ ગરીબ કલ્યાણ મેળા અને ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા અંગેની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મહેસૂલ મંત્રી કૌશિકભાઇ પટેલ, મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, અગ્ર સચિવ એમ. કે. દાસ સહિત સંબંધિત વિભાગોના સચિવો આ સમીક્ષા વેળાએ જોડાયા હતા.

વિજયભાઇ રૂપાણીએ તમામ જિલ્લા કલેકટરો વચ્ચે આ એન.એ. ઓનલાઇન ઝડપી નિકાલની સ્પર્ધા થાય તેવું વાતાવરણ બનાવી પેન્ડન્સી લેવલ ઝડપથી નીચું આવે તે માટે પ્રેરક આહવાન પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીએ આવી પરવાનગી માટેની અગાઉની ૯૦ દિવસની ટાઇમ લીમીટ-સમયમર્યાદા હવે ટેકનોલોજીના ઉપયોગ અને સંપૂર્ણ પારદર્શીતાથી માત્ર ૮ થી ૧૦ દિવસમાં પૂર્ણ કરવાની પણ જિલ્લા તંત્રવાહકોને સૂચના આપી હતી.

તેમણે ૭/૧૨ ના ઉતારા સ્કેન કરવાની પ્રક્રિયા જે હાલ ચાલી રહી છે તે માટે ટેકનીકલ સજ્જતા વ્યાપક બનાવી એ કાર્યવાહીમાં પણ ગતિ લાવવાના સૂચનો આ સમીક્ષા દરમ્યાન કર્યા હતા.

વિજયભાઇ રૂપાણીએ રાજયના ૯૬ અસરગ્રસ્ત તાલુકાના ખેડૂતોને ઇનપૂટ સબસીડી માટેની પ્રક્રિયામાં ગતિ લાવવા સૂચવતાં કહ્યું કે, આગામી તા. ૫ જાન્યુઆરી પહેલાં આવી સબસિડીના ફોર્મ એકત્ર કરી લેવાય અને રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલા હેકટર દિઠ સહાયના ધોરણે ચૂકવણીની પ્રક્રિયા પણ ઝડપી બનાવીએ.

તેમણે અછતગ્રસ્ત જિલ્લા તાલુકાઓમાં પશુધન માટે ઘાસચારો, મનરેગાના કામો અને સમગ્ર રાજ્યમાં પીવાના પાણીની સ્થિતી અંગે પણ વિસ્તૃત ચિતાર મેળવ્યો હતો.

કચ્છ, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં ઘાસચારો, પાણીની સ્થિતી અને મનરેગાના કાર્યોની વિગતો પણ તેમણે મેળવી હતી.

મુખ્યમંત્રીએ આગામી તા.૩૦ જાન્યુઆરી સુધીમાં સમગ્ર રાજ્યમાં મગફળી સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા પૂરવઠા વિભાગ, કૃષિ વિભાગ અને જિલ્લાતંત્રો સાથે મળીને પૂર્ણ કરે તેવી સૂચનાઓ પણ સમીક્ષા દરમ્યાન આપી હતી.

વિજયભાઇ રૂપાણીએ તા. ૩ જાન્યુઆરીથી રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ થઇ રહ્યો છે તે સંદર્ભમાં જિલ્લા કલેકટરોને લાભાર્થીઓની યાદી અને સહાય-સાધન વિતરણ વ્યવસ્થા સંપૂર્ણ પારદર્શીતાથી ગોઠવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહે આ કોન્ફરન્સમાં જિલ્લા કલેકટરોને આ બધી જ કાર્યપધ્ધતિમાં ગતિ લાવીને મુખ્યમંત્રી અને રાજ્ય સરકારની અપેક્ષા પૂર્ણ કરવાના પ્રેરક સૂચનો કર્યા હતા

જંગ એ ગુજરાતના યુવા પ્રતિનિધિ ગૌતમભાઈ બૂચિયાને જન્મ દિવસની શુભકામના



જંગ એ ગુજરાતમાં એક વર્ષથી નીડરતા પૂર્વક તટસ્થ સમાચારો પુરા પાડતા ભુજના ગૌતમભાઈ નાનજીભાઈ બૂચિયા કે જે અખિલ કચ્છ મેઘવંશી સમાજના ગૌરવ ગણાય છે તેમનો આજે ૧ જાન્યુઆરી એ જન્મ દિવસ છે ત્યારે એ આજે ૧૮ વર્ષ પૂર્ણ કરી ૧૯ માં વર્ષમાં પ્રવેશ કરશે એ માટે એમને જંગ એ ગુજરાત પરિવાર તરફથી જન્મ દિવસની ખુબ શુભકામના અને આવનારા વર્ષોમાં એ ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજ ઉપયોગી કામોમાં અગ્રેસર રહી પત્રકાર ક્ષેત્રમાં પણ આગળ વધી સ્વસ્થ અને તંદુરસ્ત જીવન પસાર કરે એવી જંગ એ ગુજરાતના તંત્રી ધનંજય ઝવેરી તેમજ ટીમના સભ્યો તરફથી શુભેચ્છા .

ઓટોમેટિક પિસ્તોલ અને કાર્ટીઝ સહિત કારમાંથી પાંચ ઝડપાયા

આરોપીઓએ હથિયાર રાજસ્થાનથી ખરીધ્યું હતું

સુરત

પલસાણા ચાર રસ્તા જે. ડી. ઈન્ટરનેશનલ સ્કૂલ પાસેથી પસાર થતા પાંચ આરોપીઓ પાસેથી પોલીસે વગર પાસ પરવાનાની ઓટોમેટિક પિસ્તોલ કાર્ટીઝ તથા સ્કોડા રેપીડ કાર મળી કુલ્લે ૬.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી હોવાનો બનાવ પલસાણા પોલીસ મથકે નોંધાયો હતો. આરોપીઓએ વેપન (હથિયાર) ચિત્તોગઢ-રાજસ્થાનથી ખરીધ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી એકાદ-બે દિવસ પહેલાં રાજસ્થાન-ચિત્તોગઢના વતની શિવરાજ નરેન્દ્રસિંહ ચારણ, વિરેન્દ્ર સિંહ કેશરસિંહ રાજપુર, કુલદિપસિંહ ભાટી, નરેન્દ્રસિંહ રાજપૂત તથા રાહુલ ભાંભી વિગેરેઓ રૂા. ૬ લાખની કિંમતની કાર લઈને પલસાણા ચાર રસ્તા પરથી થતા હતા ત્યારે પલસાણા પોલીસ મથકમાં ફરજ બજાવતા સંજયભાઈ ગાંડાભાઈએ તેમની કાર રોકીને ઝડતી લેતા કારમાંથી વગર પાસ પરમીટની ૧૦ હજાર રૂા.ની કિંમતની ઓટોમેટિક પિસ્તોલ રોકડા રૂા. ૧૨ હજાર, ૬ નંગ મોબાઈલ ફોન મળી કુલ્લે ૬.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી હતી. આરોપીઓએ હથિયાર ચિત્તોડગઢના જયદીપસિંગ રાજપૂત પાસેથી ખરીધ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ આર્મ્સ એકટનો ગુનો નોંધ્યો હતો.

૩૧ વર્ષની સુદીર્ઘ કારકિર્દી બાદ માહિતીખાતાના મૂવી કેમેરામેન વિનોદ મોદી નિવૃત

સમાચાર કવરેજ, ફિલ્મ નિર્માણથી માંડીને ઓપરેટર્સને તાલીમ આપવા સુધીની મોદીની સેવાને બિરદાવાઈ

૭૦ એમ.એમ.ના પરંપરાગત મૂવી કેમેરાથી માંડીને નાના એવા ડિજીટલ કેમેરા સુધીની મોદીની સફર



માહિતી નિયામક કચેરીની ન્યુઝ એન્ડ મીડિયા રિલેશન શાખાના સિનીયર મૂવી કેમેરામેન વિનોદ મોદી ૩૧ વર્ષની સુદીર્ઘ સેવા બાદ વયનિવૃત્ત થતા તેમને નિવૃત્તિ વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માહિતી નિયામક અશોક કાલરિયાએ માહિતીખાતાની સમાચાર કામગીરીમાં મૂવી કેમેરામેનના કામની મહત્તા વર્ણવી, મોદીની કાર્યનિષ્ઠાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારની કામગીરીને દશ્ય-શ્રાવ્ય માધ્યમમાં કંડારી, રજૂ કરવી ખરા અર્થમાં કપરી કામગીરી છે. મોદીએ પરંપરાગત મૂવી કેમેરાથી માંડીને નાનકડા ડિજીટલ કેમેરાને ઓપરેટર કરી શ્રેષ્ઠ કામગીરી બજાવી છે. જેની નિયામક એ પણ નોંધ લીધી હતી. અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલે મૂવી કેમેરામેન તરીકેની દિર્ઘકાલીન કામગીરીના સંસ્મરણો વાગોળી જણાવ્યું હતું કે, માહિતીખાતાની કામગીરીમાં સમયસૂચકતા અને કાર્યદક્ષતા જરૂરી હોય છે. મોદીએ તેમની કારકિર્દીમાં તેમના આ ગુણોના સહારે સફળતા મેળવી છે.

આ પ્રસંગે સમાચાર શાખાના નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટે જણાવ્યું હતું કે, મોદીની નિવૃત્તિથી એક આખા યુગનો અંત આવ્યો છે. તેમણે મોદીની સમાચાર કવરેજ, ફિલ્મ નિર્માણથી માંડીને માહિતીખાતાના ઓપરેટર્સને તાલીમ આપવા સુધીની મહત્વની કામગીરીને દોહરાવી મોદીને શુભેચ્છા પાઠવી હતી.

માહિતી નિયામક કચેરીની સમાચાર શાખા દ્વારા અપાયેલા વિદાયમાનનો સહૃદયી પ્રત્યુત્તર પાઠવતા મોદીએ જણાવ્યુ હતુ કે, માહિતીખાતાએ તેમને એક આગવી ઓળખ આપી છે જેનો હું હંમેશાં ઋણી રહીશ. તેમણે તેમની ૩૧ વર્ષની સુદિર્ઘ કારકિર્દીના સ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, ૩૧ વર્ષના ગાળામાં ૧૧ મુખ્યમંત્રીના નેતૃત્વમાં રચાયેલી સરકાર સાથે તેમણે કાર્ય કર્યું છે, જેનાથી સતત અપડેટ થતા રહેવાનું, ટેકનોલોજીનો વિશેષ ઉપયોગ કરતા રહેવાનું શિખવા મળ્યુ. જેના કારણે ૭૦ એમ.એમ.ના પરંપરાગત મૂવી કેમેરામેનથી માંડીને આજના નાનકડા અત્યાધુનિક ડિજીટલ કેમેરાથી માહિતગાર થઈ શકાયું. તેમણે સાથી કર્મચારીઓને પરિવારજનસમા ગણાવી સૌનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે હિસાબી અધિકારી રાજેશ વોરાથી લઈને સૌ સાથી કર્મચારીઓએ મોદી સાથેના સેવાકાળ દરમિયાનના સંસ્મરણો વાગોળ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું રસલક્ષી સંચાલન સહાયક માહિતી નિયામક જયેશ દવેએ કર્યું હતું.











વ્યારા ખેડૂત તાલીમ કેન્દ્રમાં કૃષિ મેળામાં પાક અંગે પરિસંવાદ યોજાયો

કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન

વ્યારા

તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલા ખેડૂત તાલીમ કેન્દ્રમાં ખેડૂત તાલીમ કેન્દ્ર, વ્યારા, આત્મા પ્રોજેકટ વ્યારા, ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત, તાપી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના સંયુકત ઉપક્રમે તાપી જિલ્લાના ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન મળી રહે એ માટે બે દિવસીય કૃષિમેળો-વ-પાક પરિસંવાદનો શુભારંભ બારડોલીના સાંસદ પરભુભાઇ વસાવાની હસ્તે કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતા સાંસદ વસાવાએ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે તથા વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થાય એ દિશામાં સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે કેન્દ્ર સરકારની ઉજજવલા યોજના, ફસલ વીમા યોજના, આયુષ્માન ભારત યોજનાજેવી કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી સરકારે તાપી જિલ્લાના ખેડૂતોના લાભાર્થે ઉકાઇ બંધ આધારિત ૧૧૦૦ કરોડની સિંચાઇ યોજનાઓને મંજુરી આપી હોવાનું જણાવી તેમણે ખેડૂતોને સેન્દ્રિય ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા પંચાયત, તાપીના કારોબારી ચેરમેન મુકેશભાઇ ચૌધરીએ ઉપસ્થિત ખેડૂતોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, વૈજ્ઞાનિક ઢબે આધુનિક ટેકનોલોજીથી ખેતી કરવામાં આવે તો ઉપજ વધારી શકાય છે. તેમણે ઉપસ્થિત તમામ ખેડૂતોને તજજ્ઞોના માર્ગદર્શનરૂપી ભાથું સાથે લઇ જવા અનુરોધ કરી તેમણે ખેડૂતોને કનડતી સમસ્યા અંગે પણ વિગતે વાત કરી હતી.

જિલ્લા કલેકટર એન.કે. ડામોરે જણાવ્યું હતું કે, રાજયનો અદનો નાગરિક પણ સ્વમાનભેર જીવી શકે એ માટે સરકારે અનેક યોજના અમલમાં મુકી છે. જેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે એ જોવાની સૌની સહિયારી જવાબદારી છે, એમ ઉમેરી તેમણે સરકારની ખેતી અને ખેડૂતલક્ષી યોજનાઓની જાણકારી છેવાડાના માનવી સુધી કેવી રીતે પહોંચાડી શકાય એ અંગે વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ. પી.ડી.વર્માએ સેન્દ્રિય ખેતી માટે જમીનની સાચવણી, ખેતીવાડી અધિકારી એસ.બી.ગામીતે સરકારની યોજનાઓ, નાયબ બાગાયત નિયામક એન.એન.પટેલે બાગાયતી પાકોની સેન્દ્રીય ખેતી, એન.જી.ગામીત, નાયબ ખેતી નિયામક વિસ્તરણ, તાપી/સુરતે ખેતીપાકોમાં દવા છાંટરના ખોટા અને બીનજરૂરી ખોખ સંશોધન કેન્દ્રના પ્રોફેસર શિતલબેન પટેલે ઉનાળુ મગફળીની વૈજ્ઞાનિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પાંચ મહિલા બચત જૂથોને આત્મા બેસ્ટ ઓર્ગેનાઇઝડ ગૃપ તરીકેના પ્રમાણપત્ર, કૃષિ પ્રશ્નોત્તરી સ્પર્ધા અને રસોઇ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર તથા મહિલા કિસાન એવોર્ડ માટે પસંદગી પામેલા ઉંચામાળાના જયાબેન મહેન્દ્રભાઇ ચૌધરીને પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા. ખેડૂતોને સચિત્ર માર્ગદર્શન મળી રહે એ માટે કાર્યક્રમના સ્થળે વિવિધ સરકારી વિભાગો અને ખાનગી એજન્સીઓ દ્વારા પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન તાપી જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો અને નવસારી કૃષિ યુનિવર્સીટી તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા અને પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર,વ્યારાના કૃષિ વૈજ્ઞાનિકોએ ઉપસ્થિત ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કરતા નાયબ ખેતી નિયામક પી.આર. ચૌધરીએ કાર્યક્રમનો આશય સ્પષ્ટ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે તાલુકા શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ આત્મા પ્રોજેકટના ડેપ્યુટી ડાયરેકટર ઘનશ્યામભાઇ ઢોલેએ કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન સિંગાભાઇ, કૃષિઅને સિંચાઇ સમિતિના ચેરમેન વિજયભાઇ, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન રેહાનાબેન ગામીત, અન્ય સમિતિના અધ્યક્ષો, પ્રયોજના વહીવટદાર વિજયભાઇ પટેલ, કૃષિ પોલીટેકનિકના આચાર્ય એન.એન.ચૌહાણ, જિલ્લા/તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, કૃષિ, બાગાયતવિભાગના અન્ય અધિકારી કર્મચારીઓ, ખેડૂતો અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુર ખાતે મહિલા સામખ્ય વલસાડ દ્વારા પર્યાવરણ જાગૃતિ વર્કશોપ યોજાયો



વલસાડ

મહિલા સામખ્યના જિલ્લા અમલીકરણ એકમ, વલસાડ દ્વારા જિલ્લા કક્ષાનો પર્યાવરણ જાગૃતિ વર્કશોપ ધરમપુરના શ્રીમંત મહારાણા મેરેજ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે મહિલા સામખ્ય સંસ્થાની કામગીરીની સરાહના કરી પર્યાવરણ જાળવણી માટે સૌને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજના ગ્લોબલ વોર્મિંગમાં પર્યાવરણ તથા કુદરતી સંપદાની સાચવણી કરવાની સાથે તેનું સંવર્ધન કરવું જરૂરી છે. મહિલા સામખ્યના જિલ્લા સંકલન અધિકારીશ્રી કનકલતા રાણાએ કાર્યક્રમનો ઉદેશ સમજાવતાં જણાવ્યું હતું કે, દરેક પ્રકારનું પ્રદુષણ ઓછું થાય, લોકો નીરોગી બને અને સ્વસ્થ સમાજ રચના થાય તેની જનજાગૃતિ ફેલાવવાના આશયથી વર્કશોપ યોજવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ગણેશભાઇ બિરારી, પૂર્વ નગરપાલિકા પ્રમુખ સુમિત્રાબેન ચૌધરી, જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના નિયામક ઇકબાલભાઇ શેખ, પી.કે.યુ. પ્રોજેકટ ઇન્ચાર્જ ભાવેશભાઇ સોમાની, સામાજીક વનીકરણના આર.એફ.ઓ. મુનાફભાઇ વગેરેએ પર્યાવરણલક્ષી માહિતી અને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

મહિલા સંઘ બુરલા, સીલ્વાના બહેનોએ પર્યાવરણ બચાવ માટેનું નાટક તથા લોકનૃત્ય રજૂ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું જુનિયર રીસોર્સ પર્સન રજની ચૌધરીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ધરમપુર, કપરાડા તથા પારડી વિસ્તારના મહિલા સંઘની બહેનો તથા મહિલા સામખ્યના કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઇલેકટ્રીક તથા દરેક પ્રકારનું ઇન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઇપો
ગેલ્વેનાઇઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઇપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

ભરૂચ જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ મી જાન્યુઆરીએ યોજાશે

તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩ મી જાન્યુઆરીએ યોજાશે

ભરૂચ:માન.મુખ્યમંત્રી ધ્વારા લોકસુખાકારી વધારવા માટે લોકોની ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે જિલ્લાકક્ષાએ મહિનાના ચોથા ગુરૂવારના દિવસને ફરિયાદ નિવારણ દિવસ તરીકે જાહેર કરેલ છે.

ભરૂચ જિલ્લાનો માહે:જાન્યુઆરી-૨૦૧૯ માસનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪-૦૧-૨૦૧૯ ના રોજ યોજાશે. જે માટેની અરજી ૧ થી ૧૦ તારીખ સુધીમાં કચેરીમાં રૂબરૂ અથવા ટપાલમાં બે નકલમાં મોકલી આપવાની રહેશે.

અરજદારે અરજીના મથાળે ફરિયાદ નિવારણ કાર્યક્રમ એમ ખાસ લખવાનું રહેશે. અરજીઓ બે નકલમાં સુવાચ્ય અક્ષરોમાં ફુલસ્કેપ કાગળ ઉપર કરવાની રહેશે. અને તેમાં અરજદારે પોતાનો ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર અવશ્ય લખવાનો રહેશે. પોસ્ટકાર્ડ કે, અંતરદેશી પત્રો પર અરજી કરવાની નથી. અરજદારે પોતાના પ્રશ્નો જાતે રજૂ કરવાના રહેશે. બીજાનો પ્રશ્ન રજૂ કરવો નહી. અરજદાર એકજ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકાશે નહિ.અરજીમાં ફરિયાદને લગતી કચેરીનું નામ સ્પષ્ટ જણાવવાનું રહેશે. અગાઉ જે તે ખાતામાં કરેલ અરજીનો નિયમનુસાર નિકાલ ન થતો હોય તેમજ આ અંગે અગાઉ તાલુકા કક્ષાના ફરિયાદ નિવારણના કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કરેલ હોય પરંતુ નિકાલ થયેલ ન હોય તેવી અરજી રજુ કરવાની રહેશે. કોર્ટને લગતા, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી જેવા મહેકમ વિષયક પ્રશ્નો તેમજ પ્રથમ વખતની અરજીની બાબતો ધ્યાને લેવામાં આવશે નહિં. તેમજ જે અરજદારશ્રીને ફરિયાદ નિવારણમાં હાજર રહેવાની જાણ કરેલ હોય તે સિવાયના ફરિયાદ નિવારણના પ્રશ્ન લઈને અન્ય કોઈપણ અરજદારે હાજર રહેવાનું નથી.


માહે-ફેબ્રુઆરી-૨૦૧૧ થી 'ગ્રામ સ્વાગત' કાર્યક્રમ શરૂ કરવા અભિગમ છે અને આ કાયક્રમ હેઠળ ગામના પ્રશ્નોની ફરિયાદ અરજીનો 'તાલુકા સ્વાગત' કાર્યક્રમ સમાવેશ કરી નિકાલ કરવાની છે. જેથી જે તે માસની ૧ લી તારીખથી ૧૦ મી તારીખ સુધીમાં સંબંધિત ગામના તલાટી કમ મંત્રીને ગામના પ્રશ્નોની ફરિયાદ અરજી મોકલવાની રહેશે. માહે:જાન્યુઆરી-૨૦૧૯ માસનો 'તાલુકા સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩-૦૧-૨૦૧૯ ના રોજ યોજાનાર હોય ગામના પ્રશ્નોની ફરિયાદ અરજી તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધીમાં સંબધીત ગામના તલાટી કમ મંત્રીને મોકલી આપવાની રહેશે તેમ કલેકટર ભરૂચની એક યાદીમાં જણાવ્યું છે.

ગણનાપાત્ર ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડતી હાંસોટ પોલીસ



ભરૂચ જિલ્લા પોલીસ અધીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન તથા નાયબ પોલીસ અધીક્ષક એલ.એ.ઝાલાની સુચના મુજબ પ્રોહીબીશન અંગેની કડકમાં કડક અમલવારી સબબ હાંસોટ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર વાય.જી.ગીરનારનાઓને બાતમી હકિકત મળેલ કે,હાંસોટ ટાઉનમાં કાજી ફળીયામાં રહેતા મુજફફીર ઉર્ફે ગોરૂ બશીર શેખનાઓ હાંસોટ ટાઉન વિસ્તારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનું વેચાણ કરે છે જે બાતમી હકિકત વાળી જગ્યાએ જઈ રેઈડ કરતા અલગ-અલગ ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ મી.લી. વાળી કુલ બોટલ નંગ-૫૭૧ કિં. રૂ. ૫૭,૧૦૦/-નો પ્રોહીબીશન મુદ્દામાલ કબ્જે કરી મુજફફીર ઉર્ફે ગોરૂ બશીર શશેખનાઓને પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે.

કે.જે.ચોકસી પબ્લિક લાયબ્રેરી ખાતે કનૈયાલાલ માણેકલાલ મુન્શીજીની જન્મ જયંતીની ઉજવણી કરાઈ



ભરૂચની કે જે ચોકસી પબ્લિક લાયબ્રેરી ખાતે કનૈયાલાલ માણેકલાલ મુન્શીજીની જન્મ જયંતી ઉજવવામાં આવી હતી. જેમાં એમના લખેલા પુસ્તકોની વાત કરવા સાથે ગુજરાતી ભાષાના સૌથી વધુ વંચાતા ભરૂચના પનોતા પુત્ર કનૈયાલાલ માણેકલાલ મુન્શીજી એક બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકારમાંના એક છે. તેમણે બી.એ. એલ એલ.બી સુધીનો અભ્યાસ કરેલો હતો. પાટણની પ્રભુતા, અરધે રસ્તે, રાજાધિરાજ અને ગુજરાતની અસ્મિતા એમના જાણીતા પુસ્તકો છે .

પ્રસ્તુત કાર્યક્રર્મ વાત પુસ્તકની ને વાતને સાકાર કરનાર વકતાઓમાં અંકુર બેન્કર અને તરુણ ખાંટે કનૈયાલાલ માણેકલાલ મુન્શીજી ના વિષે અને એમના સાહિત્યિક સર્જન એમની અદ્ભુત જાણકારી ને અનુરૂપ વાત કરી હતી. પ્રસંગે લાયબ્રેરીના ગ્રંથપાલે ભરૂચના જ પનોતા પુત્ર કાંતિલાલ જયકિશનદાસ ચોક્સીને પણ યાદ કર્યા હતા કે જેમના નામ પર ગૌતમ ચોકસીએ ભરૂચની જનતા માટે આટલી ઉત્તમ લાયબ્રેરીની ભેટ આપી અને જેથી કરીને આ લાયબ્રેરીમાં સાહિત્યને લગતા ઉત્તમ કાર્યક્રર્મ યોજાય છે. પ્રાધ્યાપક મહિપત સિંહજી રાઉલજીએ પણ વાત પુસ્તકની કાર્યક્રમમાં ક.મા. મુન્શીજી વિષે પોતાની વાત રજૂ કરી હતી.સદર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પુસ્તક રસિકો હજાર રહ્યા હતા.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર યથાવત નવસારીમાં ૮ અને વલસાડમાં ૯ ડિગ્રી

સુરતમાં લઘુત્તમ ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગત સપ્તાહ દરમિયાન રેકોર્ડ બ્રેક ઠંડીનો અનુભવ થયો હતો. આજે સવારથી પવનની દિશા ઉત્તરના બદલે પૂર્વે દિશાની થતા ઠંડીથી નજીવી રાહત મળી હતી. તેમ છતાં નવસારીમાં ૮ અને વલસાડમાં ૯ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન નોંધાવા પામી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૫ ટકા અને હવાનું દબાણ ૧૦૨૦.૨ મલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પૂર્વ દિશાથી પવન ફૂંકાઈ રહ્યો છે. શહેરમાં ગતરોજની સરખામણીએ આજે ૨ ડિગ્રી તાપમાન ઓછુ થયું છે, પરંતુ પવનની દિશા બદલતા આજે ગતરોજ કરતા ઓલી ઠંડી અનુભવાઈ હતી. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૮.૫ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૨.૫ ડિગ્રી નોંધાયુ હતું. નવસારીમાં સડસડાટ ૪ ડિગરી તાપમાનનો પારો ઘટતા ઠંડીનો ચમકારો વધ્યો છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૯.૧ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજની ૧ ડિગ્રી ઓછું છે. આજે ૩૧ ડિસેમ્બરની અત્રે ઉત્સવઘેલાઓ ઈશુના નવા વર્ષની ઉજવણી માટે થનગની રહ્યા છે. તેઓને ઠંડીથી થોડી રાહત મળે તેવી શક્યતા છે.

ભરૂચ કંથારીયા રોડ પર મીની લકઝરી બસ ચાલકે બાઈક સવાર પરિવારને અડફેટમાં લેતા દીવાન પરિવારનો માળો પીખાઈ ગયો

ભરૂચના કંથારીયા પાસે મીની બસ અને બાઈક વચ્ચે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં પિતા અને પુત્ર અને સારવાર દરમિયાન માતાનું કરુણ મોત નિપજતા દીવાન પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જયારે બે માસના માસુમ બાળકનો આબાદ બચાવ થવા પામ્યો હતો.જેને વધુ સારવાર અર્થે વડોદરા લઈ જવામાં આવ્યો હતો.

ભરૂચના શેરપુરા વિસ્તાર નવી નગરીમાં પોતાના પિતાના ઘરે ફાયઝા યાસીન દીવાન પોતાના બે દીકરાઓ સાથે આવી હતી.અને આજે સોમવાર સવારે તેના પતિ યાસીન દીવાન સાથે બાઈક પર બે પુત્રો સાથે પરત પોતાની સાસરી વડુ ખાતે જઈ રહી હતી.તે દરમિયાન ભરૂચ જંબુસર રોડ આવેલ કંથારીયા પાસે મીની બસ નંબર જીજે ૦૬ એક્સ ૪૯૫૭ ના ચાલકે બાઈક નંબર જીએજે ૦૬ એફએચ ૩૬૪૦ને ટક્કર મારતા ફંગોળાતા અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં ૩૦ વર્ષીય યાસીન અલ્લારખા તથા ૬ વર્ષીય પુત્ર ફૈયાઝ યાસીન નું ગંભીર ઈજાના પગલે કમકમાટી ભર્યું મોત થયા હતા જયારે પાછળ બેઠેલ ૨૪ વર્ષીય પત્ની ફાયઝાને ઈજા પહોંચી હતી.જેમને સારવાર અર્થે પટેલ વેલફેર લઈ જવામાં આવ્યા હતાં.જ્યાં માતા ફાયઝાનું પણ કરૂણ મોત નીપજ્યું હતું.પરંતુ હાથમાં રહેલ બે માસના પુત્ર ફઝલ નો આબાદ બચાવ થવા પામ્યો હતો.તને પણ માથામાં ઈજાઓ થવાથી વધુ સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યો હતો.



અકસ્માતના પગલે લોકટોળા ભેગા થઈ જવા સાથે વાહન વ્હવહાર જામ થઈ જતા પોલીસ કાફલા એ દોડી આવી પૂર્વવત સ્થિતિ કરવાની કવહાય હાથધરી અકસ્માત સંદર્ભે કાયદેસરની કાર્યવાહી ના ચક્રો ગતિમાન કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ,ભરૂચ - જંબુસ,દહેજ વચ્ચે દોડતા ગેરકાયદેસર વાહનો વધુ મુસાફરો બેસાડી બેફામ દોડતા હોવાની ફરીયાદો ઉઠતી રહે છે પરંતુ તે પ્રત્યે તંત્ર ધ્યાન ન આપતા આવા અકસ્માતો નિર્દોષોના જીવ જાય છે.











ગણેશ સુગરની ૩૨મી સાધારણ સભા વાદ વિવાદ બાદ સમાપ્ત



વાલિયા તાલુકાની તેમજ આજુબાજુના વિસ્તારની જીવાદોરી સમાન શ્રી ગણેશ સુ.ગ.વ.-વટારીયાની રવીવારના રોજ ૩૨ મી સાધારણ સભા યોજાઈ હતી.જેમાં સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટરો,કર્મચારીઓ અને મોટી સંખ્યામાં સંસ્થાના ખેડૂત સભાસદો અને ૧૦૦.મે.ટન શેરડી ઉત્પાદનના પ્રણેતા સંજીવ માનેજી પણ હાજર રહ્યા હતા.

કોરમ થતા સંસ્થાની અહેવાલવાળા વર્ષ ૨૦૧૭-૧૮ની સાધારણ સભાની કાર્યવાહી એજન્ડા મુજબ સંસ્થાના ચેરમેન સંદીપ માંગરોલાની અધ્યક્ષતામાં શરૂ કરવામાં આવી હતી. સંદીપ માંગરોલા દ્વારા એજન્ડા મુજબની કામગીરી રજૂ થતા સંસ્થાના સભાસદો દ્વારા દરેક મુદ્દાને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.સંસ્થાની સાધારણ સભાની તારીખ નજીક આવતા સંસ્થાનું અહિત ઈચ્છનારા કેટલાક સભાસદો દ્વારા અધુરી જાણકારીને લઈ છેલ્લા છ -સાત મહિનાથી સંસ્થાને નુકશાન પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા હતા.આ સભાસદોની સંસ્થાની સાધારણ સભામાં હાજર રહી વ્યવસ્થાપક સમિતિ સમક્ષ દરેક મુદ્દાઓને લઈને રજૂઆત કરતા તેના દરેક પ્રશ્નો સંસ્થાના ચેરમેન ચેરમેન દ્વારા પુરાવા સાથે અને આંકડાકીય માહિતી સાથે હકારાત્મક પ્રત્યુત્તર આપવામાં આવ્યા હતા આ શોધો વાર્ષિક સાધારણ સભામાં મોટી સંખ્યામાં આવેલા ખેડૂત સભાસદો સમક્ષ ખુલ્લા પડી ગયેલા હતા આ વિરોધ કરનારાઓ સંસ્થાના મેનેજમેન્ટ સાથે જણાવતા ઢીલું મૂકી વિલા મોઢે પરત ફર્યા હતા. સંસ્થામાં વધુ શેરડી મોકલનાર ખેડૂતોને ઈનામ આપી ક્રમશ પ્રોત્સાહક મોમેન્ટ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા તેમજ ગત વર્ષે પ્રતિ એકર પાયલોટ પ્રોજેક્ટ માં જોડાયેલા ખેડૂત સભાસદો કે જેઓએ એક કરે વધુ ઉત્પાદન મેળવી છે તેઓનો પણ સન્માન કરવામાં આવ્યું હતું વધુમાં સંસ્થા કૃષિ ભૂષણ સંજીવ માનેના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા ૧૦૦ ટન/એકર પાયલોટ પ્રોજેક્ટમાં રોપાણ તેમજ લામ પાકના પ્રોજેક્ટમાં પણ દરેક સભાસદો જોડાય તેવા સંસ્થાના ચેરમેન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.સાધારણ સભાની કાર્યવાહી અને પ્રશ્નોત્તરી પૂર્ણ થતા સભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

વિધવા બહેનોના પ્રશ્નો માટે મહાસંમેલન યોજાયું





ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે ભરૂચ જિલ્લા હિતરક્ષક સમિતિ દ્વારા વિધવા સહાય,પેન્સન યોજનાના હક્ક માટે અસંગઠીત વિધવા બહેનોનું મહા સંમેલન યોજાયું હતું. જેમાં આગામી દિવસોમાં નિરાધાર વિધવાઓના પેન્સન માટે ગુજરાતના તમામ ધારાસભ્યો અને તમામ સંસદ સભ્યોને એક અપીલ પત્ર લખીને તેમના વિસ્તારમાં તેમની હકીકત જાણીને વિધવાઓના હિતમાં સરકારને ઢંઢોળવાનું કામ કરવાની રજુઆત કરાવવાના શબ્દ યોજાયેલ વિશાળ વિધવા મહા સંમેલનમાં પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયાએ ઉચ્ચાર્યા હતા.

ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે રવિવારના રોજ યોજાયેલા અસંગઠીત વિધવા મહિલા સંમેલનમાં માજીમંત્રી ખુમાંનસિંહ વાંસિયાએ ઉપસ્થિત વિધવા બહેનોને જણાવ્યું હતું કે, ઘણી બધી જગ્યાએ કેટલીક વિધવા બહેનોની પરિસ્થીતી જાણીને આપણે પરેશાન થઈ જઈએ છીએ. વિધવા બહેનોને પુરતી સહાય ઉપલબ્ધ કરાવાતી નથી તેમજ ન તો તેમને પુરતું પેન્સન મળે છે. ઘણી બધી જગ્યાએ વિધવા બહેનોને રોજનું એક ટંકનું ખાવાનું પણ મળતું નથી. વિધવાઓની યોજનમાં નવા નિયમો ઉભા કરીને આખી યોજનાએ લકવો લાગી ગયો છે.યોજનાના સરળીકરણ માટે આગામી દિવસોમાં ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો અને તમામ સંસદ સભ્યોને તેઓ એક અપીલ પત્ર પાઠવવાના છે કે, તેમના વિસ્તારમાં વિધવાઓને સ્પર્શતો પ્રશ્ન જાણીને તેમની વેદનામાં ઘટાડો કરવા ગુજરાત સરકારને રજૂઆત કરી પ્રશ્નનો ઉકેલ આવે તેવા પ્રયાસ કરવાના છે. આ સંમેલનમાં હજારોની સંખ્યામાં અસંગઠીત વિધવાબહેનો ઉપસ્થીત રહી હતી.

ડેડીયાપાડા સરકારી દવાખાનાના તબીબની બેદરકારીના કારણે મહિલાનું મોત થયાનો આક્ષેપ



ડેડીયાપાડાની સરકારી હોસ્પિટલના કેમ્પમાં કુટુંબનિયોજનના ઓપરેશન બાદ મહિલાનું મોત થતા ડોક્ટર પર આક્ષેપ ડોક્ટરની ભુલના કારણે મોત થયું હોવાના આક્ષેપ બાદ પોલીસે મહિલાના મૃતદેહને સુરત ફોરેન્સિક વિભાગમાં પીએમ માટે મો કલ્યો

રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડાની સરકારી હોસ્પિટલ ખાતે કુટુંબનિયોજનના ઓપરેશન માટે ગયેલી શાંતાબેન સુરેશભાઈ વસાવા (ઉ.વ ૩૬) રહે-બોગજનું ,ડેડીયાપાડાનું ઓપરેશન બાદ મોત થતા ડોક્ટરની ભૂલ હોવાનો પરિવારજનોએ આક્ષેપ લગાવા અનેક સવાલ ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨૯ ડિસેમ્બરના રોજ ડેડીયાપાડા સરકારી દવાખાને કુટુંબનિયોજનનુ ઓપરેશન કરાવ્યા બાદ શાંતાબેનને રજા આપતા પોતાનાઘરે જતા રહેલ પરંતુ ઘરે ગયા બાદ પેટમાં દુખાવો અને ઝાડા ઉલ્ટી થતા ફરી ડેડીયાપાડા સરકારી દવાખાને સારવાર માટે દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન શાન્તાબેનનું મોત થતા આ બાબતે તેમના પતિ સુરેશભાઈ ગોમાભાઈ વસાવાએ ડેડીયાપાડા પોલીસમાં ફરિયાદ આપી હતી .જોકે પોલીસે હાલ અ.મોત દાખલ કરી સત્ય હકીકત બહાર લાવવા મરનારના પીએમની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે મૃતક શાંતાબેનના પરિવારનો એવો આક્ષેપ છેકે ઓપરેશન બાદ તેમને ઝાડા ઉલ્ટી થયા અને મોત થયું પરંતુ ઓપરેશન માટે ચીરો મુક્યા બાદ ડોક્ટરને ખબર પડી કે તે ગર્ભવતી છે છતાં ડોક્ટરે કુટુંબનિયોજનનું ઓપરેશન કર્યું માટે તેમનું મોત થયું છે.માટે આ મોત માટે પરિવારજનો ડોક્ટરને જવાબદાર ગણાવતા હોવાનું બહાર આવતા ડેડીયાપાડા પોલીસે મૃતક મહિલાનું પીએમ સુરત ફોરેન્સિક વિભાગમાં કરાવવા શાંતાબેનના મૃતદેહને મોકલ્યો છે હવે પીએમ રિપોર્ટ બાદ સત્ય હકીકત બહાર આવશે એમ ડેડીયાપાડા પીએસઆઈ ગળચરનું કહેવું છે.ત્યારે આ મોત માટે ખરેખર ડોક્ટર જવાબદાર છે...? ઓપરેશન કરનાર ડોક્ટર કોણ..? પરિવારજનોનો આક્ષેપ સાચો છે...? તે રહસ્ય હાલ અકબંધ છે પરંતુ સુરતથી પીએમ રિપોર્ટમાં સાચી હકીકત શું આવશે તેની સૌ રાહ જોઈ રહ્યા છે.

સેન્ટ્રલ ઝોન દ્વારા વોર્ડ નં.૭માં ત્રણ ગેરકાયદે બાંધકામો તોડાયા

ત્રણ સ્થળે ડીમોલીશન હાથ ધરી વહીવટી ચાર્જ વસૂલ કરાયો

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ તા.૨૯-૧૨-૨૦૧૮ના રોજ સે.ઝોન શહેરીવિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સટાફ દ્વારા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફ તથા સુરત શહેરના પોલીસ વિભાગના સ્ટાફની મદદથી વોર્ડ નં.૭, નોંધ નં.૮૩૧ના મિલ્કતદારો અબ્દુલ જબ્બાર હુસેન તથા અન્યો વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફ્લોર + ૧ થી ૪ તથા પમો અડધો માળે મંજુર પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતાં વિભાગના આશરે ૭૫૦ ફૂટ આર.સી.સી. સ્લેબ તથા ચણતર દૂર કરવામાં આવેલ સદર મિલ્કતમાં ડિમોલેશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૮૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે અને આવેલ વોર્ડ નં.૭ નોંધ નં.૮૫૭, ૮૫૮ના મિલ્કતદારો મો. સલીમ સરફરાજ મીરઝા તથા અન્યો વાળી મિલકતમાં ગ્રાઉન્ડ ફ્લોર + ૧ થી ૪ માળે મંજુર પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતાં આશરે ૮૫૦ ફુટ આરસીસી સ્લેબ દૂર કરવામાં આવેલ સદર મિલ્કતમાં ડિમોલેશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૮૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે. ઉપરાંત વોર્ડ નં.૭ નોંધ નં.૮૩૫- ૮૩૬ના મિલ્કતદારો- ડેવલપર અલ્તાફ ફુટવાલા દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર + ૧ થી ૪ માળે મંજુર પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા આશરે ૩૬૦ ફુટ આરસીસી સલેબ દૂર કરવામાં આવેલ સદર મિલ્કતમાં ડીમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૮૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.









નાંદોદ સેવા સદનના મકાનમાં એક બાદ એક સમસ્યા તો કરોડોનો ખર્ચ ક્યાં કરાયો...?!

૨.૯૦ કરોડોના ખર્ચે બનેલા નાંદોદ સેવાસદનના નવા મકાનમાં એક મહિનાથી પાણી માટે ફાંફા,આ નવા બિલ્ડીંગની પાણીની મોટર પણ અલગ નથી...!!
સફાઈ બાબતે વગોવાયેલી આ ત્રણ કરોડના ખર્ચે તૈયાર થયેલી નવી બિલ્ડીંગમાં પાણીની વધુ એક સમસ્યા જેમાં એક મહિનાથી મોટર બગડેલી હોવાનું જાણવા મળ્યું

રાજપીપળા: એક તરફ પીએમ મોદી દેશનો વિકાસ જંખી રહ્યા છે ત્યાં ગુજરાતમાં ફાલેલો ભ્રાચાર હદ વટાવી રહ્યો હોય બિચારા એકલા પી એમ શું કરે...? માટે હવે રજાએ પણ વધુ જાગૃત થઈ રસ્ટાચારીયો સામે લડત ઉપાડવી પડશે કેમકે રાજપીપળા ખો ત્રણેક કરોડના ખર્ચે તૈયાર થયેલી નાંદોદ સેવા સદન કચેરીમાં ગંદકી બાદ હવે પાણીની તકલીફ એક મહિનાથી ઉભી થઈ છે જેમાં મોટર બગડી હોવાનું જાણવા મળ્યુ છે ત્યારે કરોડોના ખર્ચે બનેલી આ બિલ્ડીગ માં કચેરીઓ શરુ થયાને માંડ બે ત્રણ મહીનાજ થયા હશે ત્યાં એક બાદ એક તકલીફ આવતા કરોડોનો ધુમાડો થયો હોય એમ લાગી રહ્યું છે ત્યારે ત્રણ કરોડના ખર્ચેબનેલી આ બિલ્ડીગ ના વપરાશ માટે કોઈ અલગ પાણીનો બોર જે અલગ મોટર પણ નથી ફક્ત ઉપર ટાંકી મૂકી છે જેમાં જૂની કચેરી ના પાણીના બોર માંથી મોટર મારફતે નવીમાં પાણી પોંહચાડે છે ત્યારે અલગ બોર કેમ ના બનાવાયો એ પણ એક સવાલ છે જોકે મકાન ઉભું કરાવનાર માર્ગ મકાન વિભાગ ના અધિકારી નવી બિલ્ડીગ માટે અલગ મોટર કે બોર છેકે નહિ એ બાબતે અજાણ હોય એવા જવાબ આપે છે તો કોની દેખરેખ હેઠળ આ મકાન માટે ત્રણ કરોડનો ધુમાડો કરાયો...?!

નવા મકાનના પાણીની મોટર બાબતે અધિકારી અજાણ

૨.૯૦ કરોડની માતબર રકમે બનેલી આ બિલ્ડીંગનો પાણીનો બોર કે મોટર અલગ છે છેકે નહીં એ બાબતે માર્ગ મકાન વિભાગના અધિકારી પાડવી સાથે વાત કરતા એમને જણાવ્યું કે મોટર તો બે વાર રીપેર કરાવી પણ નવા બિલ્ડિંગમાં પાણી માટે મોટર અલગ છેકે નહીં એ ખ્યાલ નથી પરંતુ થોડા સમય પહેલાજ ત્યાં પાણીની તકલીફ માટે મોટર રીપેર કરાવી હતી .

તંત્રના અધિકારીઓ નવા બાંધકામ કે અન્ય નવા વિકાસના કામો કર્યા બાદ પાંચ ફરીને જોવા તૈયાર નથી ત્યારે ફરી નવા કામોમાંજ એમને કેમ વધુ રસ હોય છે...?

ઝઘડીયા ખાતેથી ભૂસ્તર વિભાગે રેતી ભરેલી ટ્રકો ઝડપી પાડતા રેતી માફિયાઓ માં ફફડાટ



ઝઘડિયા તાલુકામાંથી મોટાપાયે ઓવરલોડ ખનીજ વહન થાય છે. જવાબદારોની નિષ્ક્રિયતાના પગલે ઓવરલોડ વહનકારો બેફામ બની ગયા છે. ખનીજ વહનના કોઈ નીતિ નિયમ છે કે નહિ તેવી માનસિકતા ઉભી થઈ છે.

ગતરોજ ભરૂચ જિલ્લા ભૂસ્તર ટીમ ઝઘડિયાના ગુમાનદેવ ખાતે વાહન ચકાસણી કરી રહી હતી. ત્યારે ઝઘડીયા તરફથી આવતી ટ્રકોને ચેકિંગ માટે ઉભી રાખી રહ્યા હતાં. દરમિયાન બંન્ને ટ્રકોમાં ઓવરલોડ રેતી ભરેલ હોવાનું ભૂસ્તરની ટીમને ધ્યાને આવ્યું હતું. ભૂસ્તર વિભાગની ટીમે બંન્ને ટ્રકોને જમ કરી તેમની સામે ઓવરલોડ ખનીજ વહનનો ગુનો નોંધી મેમો આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.ત્યારે ભૂસ્તર વિભાગના ચેકીંગના પગલે ઓવરલોડ ખનીજનું વહન કરતા લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

વાગરા પોલીસે ગંધાર ગામેથી પત્તા પાનાનો જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડ્યા હતા.



વાગરા પોલીસને ગંધાર ગામે પાના પત્તાનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી.જેને પગલે વાગરા પોસઈ જે.કે.ડાંગર સહિતના પોલીસ કાફલાએ ગંધાર ગામે ગત રાત્રીના નવી નગરી રોડની બાજુમાં સ્ટ્રીટ લાઈટના અજવારે જુગાર રમતા જુગારીયા ઓ પર રેડ કરી હતી. જેમાં રહીમ હબીબ ટાંક, ઈકબાલ ખાનશાબ બેલીમ, રાજેશ ચીમન ભાલીયા, નરેશ મહિપત પટેલ, ઉમેશ મહિપત પટેલ તમામ રહે ગંધાર ગામનાઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. અંગઝડતી લેતા પોલીસે તેમની પાસેથી ૧૧૯૪૦/- અને દાવ પરના ૭૫૦/- તેમજ મોબાઈલ નંગ બે ૧૦૦૦/- અને જુગારના સાધનો મળી કુલ ૧૬૬૯૦/- નો મુદ્દામાલ કબ્જે લીધા હતા. જયારે તમામ આરોપીઓ સામે જુગાર ધારાની કલમ મુજબ આગળની કાર્યવાહી હાથધરી હતી.

વિકરાળ આગને કાબૂમાં લેવા ૨૨ ફાયર ફાઈટરોની મદદ

ઉધના ઉદ્યોગનગરમાં શ્રી કૃષ્ણા મિલમાં ભયાનક આગ : કરોડોનો માલ સળગી ગયો

જીઈબીને જાણ કરાઈ છતાં એક કલાક સુધી પાવર સપ્લાઈ બંધ નહીં કરતા ફાયરમેનોએ જીવના જોખમે આગ બૂજાવી

સુરત

મોડી રાત્રે સાડા બાર વાગ્યાના સુમારે ઉધના ઉદ્યોગનગર રોડ નં. ૬ ખાત આવેલ શ્રી કૃષ્ણા સિલ્ક મિલ્સમાં અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગના ૨૨ વાહનો અને તમામ સ્ટેશનના સ્ટાફની મદદથી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફાયર વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ ગત રાત્રે ઉધના ઉદ્યોગનગર રોડ નં. ૬ પર કૃષ્ણા મિલમાં આગ લાગી હોવાનો મેસેજ મળતાની સાથે જ ફાયર ઓફિસર ખેડિયા ઘટના સ્થળે પહોંચ્યા હતા. મિલના સેન્ટર મશીનમાં આગ ભડકતી હતી તે જોઈને કન્ટ્રોલ રૂમમાં જાન કરી અન્ય સ્ટેશનથી પણ સ્ટાફને બોલાવવામાં આવ્યો હતો. મિલના નીચેના માળે પાછળના ભાગે તેમજ પહેલાં માળે આગ પ્રસરતા તમામ ફાયર સ્ટેશનમાંથી સ્ટાફને બોલાવવામાં આવ્યો હતો. મિલના નીચેના માળે પાછળના ભાગે તેમજ પહેલાં માળે આગ પ્રસરતા તમામ ફાયર સ્ટેશનમાંથી સ્ટાફને બોલાવવામાં આવ્યો હતો. ક્રિષ્ણા મિલમાં આગ લાગી હોવાની જાણ ફાયર કન્ટ્રોલ દ્વારા જીઈબીને કરવામાં આવી હતી. ફાયર વિભાગની જાણ છતાં એક કલાક સુધી જીઈબી દ્વારા પાવર સપ્લાય બંધ કરાયો ન હતો. ફાયરના જવાનોએ જીવના જોખમે ૪ હજાર વોટના ચાલુ પાવર સપ્લાય વચ્ચે આગ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. આગથી કાપડનો મોટો જથ્થો અને મશીનરી સ્વાહા થઈ હતી. આગ લાગ્યા બાદ મિલના કારીગરો સુરક્ષિત રીતે બહાર નીકળી જતા કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી.

વડોદરામાં ગાયત્રી પરિવાર દ્વારા ત્રિ દિવસીય મહાયજ્ઞ

અખિલ વિશ્વ પરિવાર શાંતિકુંજ-હરિદ્વાર અને વડોદરાની અશ્વમેઘ રજતજયંતિ સમિતિ દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ અનસુયા લેપ્રોસી મેદા, સરદાર એસ્ટેટ સામે, આજવા રોડ, વડોદરા ખાતે વિશેષ દેવપૂજનથી મહાયજ્ઞનો પ્રારંભ થશે. આ યજ્ઞમાં તા.૧ થી ૩ સુધી વિશેષ આહુતિઓની ક્રમ ચાલશે.













